March 2024

# પાટણ પ્રતિબિંબ


# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

Year 19 ● Issue 6 / 217
● Mumbai ● Page 40 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

ટેલિફોન: 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

**મારા પ્રિય પરિવારજનો**

**દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**

પ્રણામ !

આપ સહુની ક્ષેમકુશળતા ચાહું છું.

**રંગ અને સુગંધના સરવરતા ઉત્સાહને વહેંચી શકે અને જ્યાં જ્યાં જાય ત્યાં ગમતાનો ગુલાલ કરી શકે. ગુલાલ 'Full of Life' આપ સર્વેના જીવનમાં અનેક રંગો લાવે, ખુશી લાવે, વસંત લાવે તે જ ધુળેટીના પર્વની શુભકામના !**

પરમ કૃપાળુ **શ્રી પંચાસરા પાર્શ્વનાથ દાદાની અસીમકૃપાથી શ્રી સમ્મેતશિખર યાત્રા પ્રવાસ** શબ્દોમાં વર્ણાવી ન શકીએ તેવો સુખદ અને સફળતાપૂર્વક સંપન્ન થયો છે.

સૌ પ્રથમ તો **૫૭૫ યાત્રિકોને** અલગ અલગ સમયે, અલગ-અલગ એરપોર્ટથી નિર્વિઘ્ને સહીસલામત વિરાયતન સુધી પહોંચવું તે જ કપરું કાર્ય હતું. પરંતુ સર્વે યાત્રિકો પર શ્રી પાર્શ્વનાથ દાદાની અસીમકૃપા વરસી કે બધા જ સુખરૂપ આવી પહોંચ્યા તે પ્રથમ કાર્ય, બીજુ કાર્યકરોની અથાગ મહેનત અને ત્રીજુ સૌથી મહત્વનું તો એ છે કે બધા જ યાત્રિકોએ ઘણો જ સારો સાથ-સહકાર આપ્યો. આ ત્રિવેણી સંગમ એટલે જ સદાય સ્મરણિય બની રહે તેવી આ જાત્રા જેના સંસ્મરણો બધા વાગોળ્યા જ કરશે.

સમ્મેતશિખરજી યાત્રા કરીને પટણીઓ ઉતારા પર આવતા તે બધાને હું મળતો અને તેમના મુખ ઉપર જે આનંદ જોતો એ આનંદ ચરમ સીમાએ હતો. બધાની એક જ વાત ખુબજ સુંદર જાત્રા થઈ. કહે અગાઉ અમે ત્રણ-ચાર વખત આવી ગયા પણ આવી જાત્રા ક્યારેય નથી થઈ. બસ આ સાંભળીને સૌના મુખ ઉપર આનંદ જોઈને મારુ હૈયું ભરાઈ ગયું, મારી આંખોમાં હર્ષના આંસુ ઝળકી ઉઠ્યા.

ડોનરોનો સપોર્ટ બહુંજ સારો, ટુર દરમ્યાન ખુબ જ નિખાલસપણે સાથ ને સહકાર મળ્યો છે. આ યાત્રા પ્રવાસની સંપૂર્ણ સફળતાના યશભાગી આ ડોનરો છે. ડોનરો થકી જ ફ્લાઈટની સુવિધા પ્રાપ્ત થઈ, **વિરાયતન અને સિદ્ધાયતન ૩-સ્ટાર હોટલ** ટાઈપની સુવિધા અને ભાવતા ભોજનનો રસાસ્વાદ માણવા મળ્યો છે. આ ડોનરોનું સમ્મેતશિખરજીમાં બહુમાન કરવામાં મને જે લાભ મળ્યો છે એ માટે હું આપ સર્વેનો આભાર માનું છું. કાર્યકર્તાઓનું પણ બહુમાન આ ડોનરોએ કર્યું. ડોનરોના મુખારવીંદ પર આનંદના ફુવારા ઉડતા જોઈને ખુબજ ઉલ્લાસમય વાતાવરણમાં સૌ કોઈ ગદ્ ગદ્ થઈ ગયા.

આ યાત્રા પ્રવાસમાં સૌ કાર્યકરોએ કાર્ય તો કર્યું જ છે પણ વિશેષ કાર્ય **સેક્રેટરી એડમીન શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ, ડીજીટલ સેક્રેટરી શ્રી ભાવિકભાઈ ભદ્રેશભાઈ શાહનું** રહ્યું હતું. આ સાથે કાર્યકર્તા **શ્રી જીગરભાઈ ગીરીશભાઈ શાહ, શ્રી પરાગભાઈ રજનીકાંત શાહ** અને યાત્રાના **કન્વીનર શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ, શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ, શ્રી હિતેનભાઈ ચંપકલાલ વિમાવાળાના** સાથ સહકાર ને સહયોગથી પાર પડ્યો છે. **શ્રી જનકભાઈ** માંદગીમાં હોવા છતાં રોજ રોજ ફોલોઅપ લઈને ગાઈડ લાઈન મુજબ અમારી પાસે કામ કરાવતા જેથી આ યાત્રા પ્રવાસ સુખમય ને આનંદમય બની રહે. ૫૭૫ પટણીઓના સમ્મેતશિખરજી યાત્રા પ્રવાસના યશભાગી **શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ** નો આત્મા જ્યાં પણ હશે ત્યાં ખુબજ આનંદ અનુભવતા હશે.

Cont. page 2

શ્રી પાટણ જૈન મંડળ ઓફિસના સંપૂર્ણ સ્ટાફે અવિરત સેવા આપીને આ કાર્યને સાકાર કરવામાં નોંધનીય ફાળો આપ્યો છે.

બધાં જ યાત્રિકોની મનોભાવના એ રીતે પ્રગટ થઈ કે હવે પછી બીજા કયા તીર્થમાં યાત્રા કરવા લઈ જશો ? આ લાગણીઓ અને સંવેદનાનો એવો પ્રભાવ પડ્યો કે નવા ડોનરોએ અત્યારથી જ જોડાવવા માટે તત્પરતા બતાવી છે કે હવે અમને પણ લાભ આપશો.

સૌરભ મેડિકલ હેલ્થકેરનું એવા શુભ ઘડીને શુભ દિવસે નિર્માણ થયું છે કે સતત દાનનો પ્રવાહ મળતો જ જાય છે. નવા ત્રણ ડોનરોએ દાન આપીને પોતાનું જીવન ધન્ય બનાવ્યું છે. પટણીઓમાં સાધર્મિકોને તેના ઉત્કર્ષ માટે દાન કરવું એ વધારે યોગ્ય માને છે. જો સાધર્મિક સુખી હશે તો જ સંઘ મજબૂત રહેશે. આ સમજથી આજે આપણને આપણા પ્રોજેક્ટ માટે સારામાં સારું દાન મળી રહ્યું છે. અને નવા દાતાઓ જોડાતા જાય છે.

**૧ શ્રીમતી વિમળાબેન નવિનચંદ્ર ગભરુચંદ શાહ (ઝવેરી વાડો) રૂા. ૫૦ લાખ (Diabetic)**
**૨ શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ મફતલાલ શાહ (ડંકમહેતાનો પાડો) રૂા. ૨૫ લાખ (Gastritis)**
**૩ શ્રી દિપકભાઈ સેવંતીલાલ ચીમનલાલ પટણી (મનમોહનજીની શેરી) રૂા. ૨૫ લાખ (Chest Medicine)**

મેડિકલ ટીમના **ઉપપ્રમુખ શ્રી હેમંતભાઈ સાલવીની** લીડરશીપમાં સૌરભ મેડિકલ હેલ્થકેર ઉત્તરો ઉત્તર પ્રગતિના પંથે જઈ રહ્યું છે. પટણીઓ અને નોન પટણીઓનો ખુબ સુંદર પ્રતિસાદ મળી રહ્યો છે. રોજના ૬૦થી વધારે ઓપીડી મળી રહ્યા છે.

તા. ૧૦ માર્ચના રોજ ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કર્યું હતું જેમાં ૯૩ વ્યક્તિઓએ લાભ લીધો હતો અને તેઓ બધા રાજી થયા હતા. ૧૬ માર્ચના રોજ ફુલ બોડી ચેકઅપનું આયોજનમાં ૯ વ્યક્તિઓએ લાભ લીધો હતો. તા. ૨૩ માર્ચ ના ફુલ મેડિકલ બોડી ચેકપ કેમ્પમાં ૨૨ વ્યક્તિઓએ નામ નોંધાવ્યા છે.

તાજેતરમાં અમે પાટણ **ટી.ડી.એસ. સ્કુલની વિઝીટ** કરી જ્યાં ત્રણ દિવસ રહીને દરેક કામની ઝીણવટથી તપાસ કરી જે ડીપાર્ટમેન્ટના કામ બાકી હતાં એના કવોટેશન મંગાવ્યા. જે ક્વોટેશન આવેલા એનો વિગતે અભ્યાસ કરી ઓર્ડર પ્લેસ કર્યા. **સ્કુલનું ઓપનીંગ ૮ અને ૯ જુન, ૨૦૨૪ શનિવાર અને રવિવારે કરવાનું નક્કી કરેલ છે.** બધાં ડોનરોને આગ્રહભર્યું આમંત્રણ છે કે, આપ સર્વે ત્યાં પધારીને આપના રૂમનું આપ ઓપનીંગ કરો ને સહુ ભુતપૂર્વ વિદ્યાર્થીઓને આમંત્રણ છે કે **પાટણ પધારીને પટણીઓનું ગૌરવ વધારો. આ સ્કુલમાં શિક્ષણ લેતી નવી પેઢીમાં સેવા દ્વારા શિક્ષણની ભાવનાને સુદ્રઢ કરવા માટે અને અન્ય સુવિધા પ્રાપ્ત કરવા હેતુ આ યજ્ઞભવનના નિર્માણમાં પાટણના પરિવારોને સહાયભુત થવા વિનંતી છે.**

**PPL ટુર્નામેન્ટના** સફળ આયોજનમાં સક્રિયપણે સેવા આપનાર મંડળના ઉપપ્રમુખ **શ્રી રોહીતભાઈ,** માનમંત્રીઓ **શ્રી વિનેશભાઈ, શ્રી કમલેશભાઈ, શ્રી પરેશભાઈની** સાથોસાથ **શ્રી પરાગભાઈ, શ્રી મીતેશભાઈ, શ્રી ચીરાગભાઈ** તથા સ્પોર્ટસ સમિતિના સર્વે સભાસદોને અભિનંદન આપતા હર્ષ અનુભવું છું.

પ્રગતિના પંથે પ્રયાણ કરતા આપની અને મારી તથા મારી ટીમનો એક ટર્મ પૂરી થઈ ગઈ છે, ખૂબજ સારી રીતે નિર્વિઘ્ને આ બે વર્ષ પૂરા થયા છે આપ સર્વેનો અગણિત સાથ સહકાર અને પ્રેમ મળ્યો છે. મારાથી કોઈપણ જાતની ભુલચૂક થઈ હોય અથવા મારા કાર્યકર સમિતિ સભ્યોને કોઈપણ પ્રકારે મન દુ:ખ થયું હોય તો હું સર્વેની માફી માગુ છુ.

* * * * * * * *

**મારા પ્રિય પરિવારજનો,**

**સને ૨૦૨૪-૨૫ થી ૨૦૨૬-૨૭ના આગામી ત્રણ વર્ષ માટે શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખપદે ૧૬મી માર્ચ શનિવારના રોજ મારી નિમણૂંક કરવામાં આવી છે** આ મારા માટે જીવનમાં એક ટર્નિંગ પોઈંટ આવ્યો છે. અને પાટણની ભૂમિ અને પાટણ સમાજનું ઋણ ક્યારેય ભૂલાય નહીં તેનું સ્થાન હૃદયમાં વિશેષ રહ્યું છે અને હંમેશા રહેશે.

**'વિકસિત પાટણ સમાજ એ આપણો ધ્યેય છે, ઘણા બધા વિકાસના કાર્યો કરવા છે જે સંસ્થામાં સર્વનો ઉદય હોય છેલ્લામાં છેલ્લા અદનામાં અદના માનવીના વિકાસમાં સક્રિય દ્રષ્ટિ હોય અને એ દ્રષ્ટિને વ્યવહારમાં મુકવાની સગવડ હોય ત્યારેજ સંસ્થાનો વિકાસ થાય.'**

તે બદલ સમગ્ર પાટણ જૈન મંડળના બધાં જ પરિવારોનો હૃદયપૂર્વક આભાર માનું છું. મારી સાથે સમગ્ર ટીમને ફરીથી કાર્ય કરવાની અને સમાજનો વિકાસ કરવા માટે જે તક મળી છે તે માટે આપ સૌનું ઋણ સ્વીકાર કરું છું. ફરી ફરી આપનું સમર્થન મને સતત મળતું રહેશે એવો મને વિશ્વાસ છે. પાટણ સમાજ અને આપણા પ્યારા વતન પાટણ માટે આપણે સાથે મળીને મહેનત કરતા રહેશું અને સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન બિરાજે તેવા પ્રયત્ન કરીશું.

આપ સર્વેનો વિશ્વાસ, સહયોગ અને મજબૂત સંબંધને શબ્દોમાં વ્યક્ત કરવો એ એક ભાવના છે. આજ સુધી જે જે સફળતા મળી છે તેનું મુખ્ય કારણ આપ સર્વેનો ભરોસો, અને વિશ્વાસ મારી સાથે હતા પાટણ સમાજના વિકાસ માટે અવિરત પ્રયાસો કરતા રહીશું આપ સૌને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ. ઈશ્વર આપને સદૈવ પ્રસન્ન, નિરામય રાખે તેવી શુભ ભાવના.

**''મારે બેસ્ટ ફ્યુચર પ્લાનીંગ કરવું છે.**
**આવો.. આજથી જ કરીએ આપણું ફ્યુચર પ્લાનીંગ''!!**
**''સુખડની જેમ ઘસાતા રહીને, માનવતાની સૌરભ ફેલાવીએ''**

## તંત્રી સ્થાનેથી...

# તું તારું સંભાળ...

ભારતી બી. શાહ


આત્મીય મિત્રો !

પ્રણામ

નિશાળનાં વર્ગમાં છઠ્ઠા ધોરણની ગણિતની પરીક્ષાનાં પ્રશ્ન પત્રો વહેંચાયા, ઉત્તરવહીનીનાં પાનાં ફરતા હતાં એનો અવાજ પણ સંભળાય એવી નિરવ શાંતિ છવાયેલી હતી. પ્રશ્નપત્રોનાં પ્રશ્નો સમજવામાં અને ઉત્તર મનમાં ગોઠવવામાં વિદ્યાર્થિઓ પરોવાયેલા હતાં. ઉંચુ જોવાની કોઇને ફૂરસદ નહોતી.

બાસઠ વિદ્યાર્થિઓમાં એક એવો હતો કે ચોતરફ મોં ફરવીને અન્ય વિદ્યાર્થિઓને જોયા કરતો. કોઇ વિદ્યાર્થિ ઉત્તર શોધવાની મથામણમાં માથું ખંજવાળી રહયો હતો, તો કોઇ વિદ્યાર્થિ લખતાં પહેલા પેનમાં આવેલી શાહીને માથાનાં વાળ સાથે ઘસતો હતો... આમ આજુબાજુ જોતા એણે પણ જરા તરા લખવાનું શરૂ કર્યું ત્યાં કોઇ છોકરો પોતાના બુટથી ઠપકારી પગનો તાલ આપતો હતો તે તરફ ધ્યાન ગયું એની બાજુમાં એક છોકરો પોતાનાં ચશ્માં કાઢી ખમીસથી સાફ કરતો હતો, એ પર નજર પડી. આગળનાં પ્રશ્ન ન સમજાતા પાસે બેઠેલા વિદ્યાર્થિને પૂછવા લાગ્યો, હમણાં વાત ન કર, મને લખવા દે એમ એને જવાબ આપ્યો. આ બધું જોવામાં ઘણો સમય વીતતો ગયો. ખાસ કંઈ લખાયુ નહી, એટલામાં પરીક્ષકે જાહેર કર્યું કે હવે માત્ર પંદર મિનિટ જ બાકી રહી છે. ચીવટવાળા વિદ્યાર્થિઓ પોતાની ઉત્તરવહી આપીને ચાલવાં લાગ્યા. તે બધાંને પણ આ વિદ્યાર્થિ રસપૂર્વક જોતો રહયો, કોણે કેવું શર્ટ પહેર્યું છે, કેવી રીતે વાળ ઓળ્યા છે, તેનું જ નિરીક્ષણ કરતો રહ્યો અને પંદર મિનીટ પૂર્ણ થતાં પરીક્ષકે બાકી રહેલાં બધાં જ વિદ્યાર્થિઓની ઉત્તરવહી લઇ લીધી. આ વિદ્યાર્થિ અફસોસ કરતો કરતો બહાર નીકળી ગયો. વીલા મોંઢે અને ધીમાં પગલે એ બહાર નીકળ્યો. બહાર બધા વિદ્યાર્થિઓ એકબીજા સાથે મળીને પોતાનાં ઉત્તરોની ચકાસણી કરી રહયા હતા. ત્યાંરે આ વિદ્યાર્થિ એકલો અટૂલો મૂંગો બની જોતો રહયો. પરિણામ શું આવ્યું હશે એની તો કલ્પના આપણે કરી શકીએ.

મિત્રો, આપણે પણ આ સંદર્ભમાં વિચારવાનું છે. આપણું જીવન રોજ આપણી પરીક્ષા કરે છે. રોજે રોજ નવાં પ્રશ્નો આપણી સામે આવે છે. સમય પણ ઓછો પડે છે જેનાં ઉત્તર આપવા એ એક પડકાર બને છે. તેમ છતાં આપણી નજર તો બીજાં બધાં શું કરે છે ? આપણી આસપાસ શું ચાલી રહયું છે ? તેનાં પર જ રહે છે. બીજાંનું જોવામાં અને એનાં નિર્ણાયક બનવામાં જ આપણો પિરીયડ પૂરો થઇ જાય છે. આપણી પણ ઉત્તરવહી ખાલી જ રહી જાય છે.



કવિ કરસનદાસ માણેકની પંકિતઓ યાદ આવે છે:

*આ થયું હોત ને તે થયું હોત,*
*ને જો પેલું થયું હોત તો કેવું સારુ થાત,*
*અંત સમયે એવા અંતરની હોય ના શોધાશોધ,*
*હરિ હું તો માંગુ છું એવું જીવન,*
*જેનો સાચો ઉત્તર લખીને આવું તારી પાસ.*
*પણ સમય નથી રહ્યો મારી પાસ.*

જીવનમાં આ રહી ગયું, તે રહી ગયું, મારે તો હજુ આ કામ કરવું જ હતું અને પે'લુ કામ કર્યા વિના ચાલે તેમ જ નહોતું. જો મારું ધાર્યું કામ થશે તો મારું નામ રોશન થશે. આવો બળાપો શું કામનો ? દુનિયાની પારકી પંચાત છોડી મારા ભાગે આવેલા પ્રશ્નપત્ર પ્રમાણિકતાથી અને જાતનિષ્ઠાથી ભરીને સમય આવે તે પહેલાં જ ભરીને આપી દેવા તૈયારી કરી લઉ તો મને નથી કોઇ ચિંતા કે નથી કોઇનો ભય, મારાંથી બનતું બધું જ મે સારું જ કર્યું છે. મેં કોઇને છેતર્યા નથી કે નથી કોઇ સાથે ખોટુ કર્યું. હવે મને ખુબ જ વિશ્વાસ છે કે આ મનુષ્યભવ નાં પ્રશ્ન પેપરનાં બધાં જ ઉત્તર પરમાત્માં રાજી થાય તેવાં જ લખ્યાં છે.

સૃષ્ટિનાં સર્જનહારનાં આપણે પણ એક વિદ્યાર્થિ જ છીએ તે આપણે ભૂલી જ ગયા છીએ. માર્ચ અને એપ્રિલ મહિનો આવે એટલે વિદ્યાર્થિઓનો પરીક્ષા સમય આવે ત્યાંરે બાળકોનાં ભણતરની ચિંતા કરતાં કરતાં આપણે પણ તૈયારી રાખતાં શીખવું જોઇએ. તો જ સુખ, શાંતિ અને આનંદ મળશે.

*તું તારું જ સંભાળ,*
*તારા અંતર ને અજવાળ....બહુ જ ઓછો રહયો છે તુજ કાળ.*

**અસ્તુ.**

# શ્રી પાટણ જૈન મંડળ

**શ્રી પાટણ જૈન મંડળની વર્ષ ૨૦૨૪-૨૫, ૨૦૨૫-૨૬ અને ૨૦૨૬-૨૭ના આગામી ત્રણ વર્ષ** માટે વ્યવસ્થાપક સમિતિના ૨૫ સભાસદો માટેની ચૂંટણી પ્રક્રિયા અંગેનો સ્કુનિયર્સ તરફથી આવેલ અહેવાલની નોંધ લઈ મંડળના બંધારણ અને ધારાધોરણો અનુસાર ૧૬(૧) ૨૪ મુજબ સભાસદોની નીચે મુજબના **વર્ષ ૨૦૨૪-૨૫, ૨૦૨૫-૨૬ તથા ૨૦૨૬-૨૭ના** ત્રણ વર્ષ માટે બિન હરીફ ચૂંટાયેલા વ્યવસ્થાપક સમિતિના સભાસદો તા.૨૩-૦૧-૨૦૨૪ ના મળેલ વ્યવસ્થાપક સમિતિમાં જાહેર કરવામાં આવ્યા.

૧. શ્રી કમલેશ ચંપકલાલ શાહ (ડાયરેકટર) (મણિયાતી પાડો, મરીનડ્રાઈવ)
૨. શ્રીમતી જીમ્મી તરંગભાઈ શાહ (કુંભારીયા પાડો, ગોરેગામ)
૩. શ્રી દિપક મહેન્દ્ર શાહ (ડંક મહેતાનો પાડો, ગોરેગામ)
૪. શ્રી નિલેશ અરૂણભાઈ શાહ (ખડાખોટડીનો પાડો, ગોરેગામ)
૫. શ્રી નિલેશ કાંતિલાલ શાહ (ખડાખોટડીનો પાડો, ભાયંદર)
૬. શ્રીમતી નિશા દિપેશ શાહ (મહાદેવાજીની શેરી, ગોવાલિયા ટેન્ક)
૭. શ્રી પુનીત સૂર્યકાંત શાહ (વખતજીની શેરી, મરીન ડ્રાઈવ)
૮. શ્રીમતી ભામીની જેશલ શાહ (ભાભાનો પાડો, ચોપાટી)
૯. શ્રી મયુર સુરેશચંદ્ર જૈન (શાંતિનાથની પોળ, બોરીવલી)
૧૦. શ્રી મીલન વીપીનચંદ્ર શાહ (કોકાનો પાડો, મલાડ)
૧૧. શ્રીમતી મોના વિમલેશ શાહ (વખતજીની શેરી, અંધેરી)
૧૨. શ્રી રાજીવ કેશરીચંદ શાહ (બ્રાહ્મણવાડો, મરીન ડ્રાઈવ)
૧૩. શ્રી વિક્રમ હરગોવિંદદાસ શાહ (વસાવાડો, કાંદિવલી)
૧૪. શ્રી પરાગભાઈ રજનીકાંત શાહ (તંબોલીવાડો, કાંદિવલી)
૧૫. શ્રીમતી પૂજા ચિરાગ શાહ (કોકાનો પાડો, મરીન ડ્રાઈવ)
૧૬. શ્રી પ્રિતેશ કિરીટભાઈ શાહ (નંદરબારવાળા) (ડંકમહેતાનો પાડો, વાલકેશ્વર)
૧૭. શ્રી ભાવિક ભદ્રેશ શાહ (શામળાજીની શેરી, મલાડ)
૧૮. શ્રી રચિત કૌશિક શાહ (ઢંઢેરવાડો, માટુંગા)
૧૯. શ્રી સૌરભ ચંદ્રકાંત નગરશેઠ (મણિયાતી પાડો, મરીનડ્રાઈવ)
૨૦. શ્રી શ્રેણિક નરેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો, તારદેવ )
૨૧. શ્રીમતી હીના ચેતન શાહ (ડંકમહેતાનો પાડો, મરીન ડ્રાઈવ)
૨૨. શ્રી હેમાંગ કિરીટકુમાર શાહ (મલ્લાતનો પાડો, કાંદિવલી)
૨૩. શ્રી ગીર્વાણ દિલીપભાઈ શાહ (મલ્લાતનો પાડો, ભાયંદર)
૨૪ શ્રી હાર્દિક જિતેન્દ્રભાઈ શાહ (મલ્લાતનો પાડો, મલાડ)

વ્યવસ્થાપક સમિતિના ૨૫ સભાસદોની ચૂંટણી કરવાની હોય છે, ચૂંટણી માટેની નિયત સંખ્યા કરતા એક ઉમેદવાર ઓછો હોઈ ઉપરોક્ત ૨૪ ઉમેદવારોને બિન હરીફ ચૂંટાયેલા ઉમેદવારો જાહેર કરવા સાથે મંડળના બંધારણ અને ધારાધોરણની કલમ ૧૭(૧૯) અન્વયે એક ઉમેદવારની ખાલી રહેતી જગાએ **શ્રી નિલેશભાઈ રમેશચંદ્ર શાહ (લીમડીનો પાડો, વસઈ)ની** વ્યવસ્થાપક સમિતિના સભાસદ તરીકે ત્રણ વર્ષ માટે આજની સભામાં નિમણૂંક કરવામાં આવી.

શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિના ૨૫ સભાસદોની ચૂંટણી માટે નિયુક્ત કરવામાં આવેલ નીચે મુજબના ત્રણેય સ્કુટીનિયર્સોએ આપેલ સેવાની નોંધ લઈ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી.

**શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ, શ્રી નરેશભાઈ નેમચંદ શાહ, શ્રી જયેશભાઈ કુમારપાળ શાહ**


**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત**

## શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**અન્નદાન.... પુણ્ય મહાન**

**ભુખ્યાને ભોજન... તરસ્યાને જલપાન**

**દૈનિક માત્ર રૂા. ૫૦૦૦/-નું દાન આપી**

મેળવો ત્રણ ત્રણ લાભ

- સાધુ સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન
- સાધર્મિક ભક્તિ
- મુમુક્ષુ ભક્તિનો લાભ

તો આવો જોડાઓ, ભોજનશાળાની નૂતન યોજનામાં સહભાગી બની આપના ઘરમાં આવતા દરેક પ્રસંગોને એક સંભારણું બનાવીએ.

વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ - મો. ૯૮૨૧૦૩૫૦૧૧

સૌજન્ય: મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ✻ મે. કે. સેવંતીલાલ એન્ડ કાું., મુંબઈ

ADVT




ન
મો
તિ
થ
સ્સ



卐 ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથાય નમઃ 卐

卐 ૐ હ્રીં શ્રી મહાવીર સ્વામીને નમઃ 卐

# સન્માન પત્ર

તા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૪...



જય જિનેન્દ્ર,

પ્રણામ !

જિન શાસનના ઉપવનના ધર્માનુરાગી દાતા પરિવારજનો...

આંખોમાં ભક્તિનું અંજન...

સ્વભાવમાં સંસ્કારનું ચંદન...

ભીતરમાં વામાનંદન... ત્રિશલાનંદનને નિત્ય વંદન કરતાં એવા આપ સર્વે શ્રી પાટણ જૈન મંડળના શિખરજી યાત્રા પ્રવાસના દાનવીર દાતાઓની ભુરી ભુરી અનુમોદના.

પ્રત્યેક પ્રભાતે હજારો સહસ્ત્ર રશ્મિને ધરા પર પાથરતો રવિ એક દિવ્ય સંદેશ લઈને આવે છે, ''હે માનવ! દેવ દુર્લભ માનવ જન્મ તને આપીને પ્રભુએ તારું ગૌરવ કર્યું છે, તો તારો આ માનવજન્મ ધન્ય બને, મહેંકી ઊઠે એવા રૂડા સત્કાર્યો તું કરજે... સ્વયં પ્રભુ પ્રસન્નતાનો પ્રસાદ તને આપશે.''

આવા સુંદર અને ઉચ્ચ સંદેશને પોતાના ભાવ અને ભક્તિમાં ભરીને આપ શ્રી સર્વે દાતા પરિવારો કોહિનુરના હિરા સમાન ઝગમગતા અને ઝળહળતા શાસનને ૨૫માં તીર્થંકર સમાન શ્રી પાટણ જૈન મંડળના ૫૭૫ યાત્રિકોના સંઘને ''શ્રી સમ્મેતશીખરજી - પંચતિર્થી''ની સંઘયાત્રાનાં કર્તવ્ય દ્વારા જૈન શાસન અને શ્રી સંઘને નવી ગરિમા અને ગૌરવ પ્રદાન કરી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કર્યું છે.


હૃદયમાંથી ઉછળતા ઉમંગ અને લાગણીની લહેરો સાથે સફળતાપૂર્વક સંઘયાત્રાનું આયોજન કરીને અમ સહુ યાત્રિકોને સસ્નેહ નિમંત્રણ પાઠવી ધર્મારાધના કરવા સહભાગી બનાવ્યા છે, ત્યારે શાસનની આન-બાન ને શાન વધારવા ઉપસ્થિત યાત્રિકના હૃદયમાં બત્રીસે કોઠે દિવા પ્રગટ્યા છે.

સાધના... આરાધના... ઉપાસના વડે...

નમ્રતા, વિનય, વિવેક સાથે અનુકંપાની ગુણસંપત્તિ દ્વારા જીવનને કૃતાર્થ કરો એજ મંગલ કામના.

અમારા યાત્રિકો તરફથી કોઈપણ અશાતા પહોંચી હોય તો ક્ષમા પ્રાર્થીએ છે.

આપ સર્વેની આ ધન્ય પળે, ધન્ય ઘડીએ અનુમોદના કરતા... કરતા... સર્વે યાત્રિકો તથા આપના સ્વજનો - મિત્રો પરિવારની શુભકામના ...



જૈનમ જયતિ શાસનમ્



# સમેતશિખરજી યાત્રાપ્રવાસ અહેવાલ

**શ્રી સમ્મેતશિખરજી - પંચતિર્થી યાત્રાની સોનેરી**

**સ્મૃતિના સથવારે.. અનુમોદના સાથે...**

સ્મૃતિના અશ્વને પાછા વાળીને વીતેલા સમય પર દ્રષ્ટિપાત કરીએ ત્યારે એના કેટલાંક મધુર સંભારણાથી મન પુલકિત થઈ ઉઠે છે.

સેવા, સંગઠન, સહકાર એ ભાવના છે તો દર્શન, જ્ઞાન, ચારિત્રના રત્નો સમગ્ર પાટણ જૈન સમાજ માટે અમૂલ્ય છે. એવી ગુજરાતની ધન્યધરા નગરી પાટણના મુંબઈ શહેરમાં વસતા પાટણ સમાજના વિકાસમાં અમૂલ્ય ફાળો આપી રહ્યા છે, તે પ્રસંશનીય અને સરાહનીય છે. આવો, સહુ પાટણના વતનીઓ આજે આપણે સાથે મળીને **શ્રી સમ્મેતશિખરજીની પંચતિર્થિ યાત્રાની ઝલક માણતા માણતા** આ સંઘના સર્વે દાતા પરિવારો, સંસ્થાના ઉત્સાહી અને સાહસિક નવયુવાન જેઓએ હૈયામાં હામ અને હૃદયમાં સમાજના વતનીઓ માટે પ્રેમ ભર્યો છે. તેવા પ્રમુખ **શ્રી દાનેશભાઈ વી. શાહ (માટલીવાલા)** સાથે બધા જ કાર્યકરોની ટીમ અને ઓફિસના સ્ટાફને જેઓએ છેલ્લા પાંચ - છ મહિનાથી રાત-દિવસ જોયા વગર તનતોડ મહેનત કરીને ૫૭૫ યાત્રિકોની આ મહાયાત્રા સાંગોપાંગ પાર ઉતારી છે. તેઓને સ્નેહ, સદભાવના અને મૈત્રીના અક્ષતથી વધાવીએ.

વર્ષ ૨૦૨૩માં શ્રી શત્રુંજય તીર્થની યાત્રાનું મધુર સ્મરણ તો છે જ, પરંતુ આ યાત્રાનું સ્મરણ તો મધરામધુર બન્યું છે તે નિશ્ચિત છે. **'ન ભૂતો ન ભવિષ્યતિ'ની** જેમ પાટણ જૈન મંડળના ૧૧૨ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વાર આવી મોટી સંખ્યામાં ઉપસ્થિત સમાજના નાના-મોટાએ સાથે મળીને એક મહાસંઘની જેમ જ આ યાત્રાને સફળતા અપાવી છે.

આ સત્કાર્યના બીજ તો શત્રુંજય દાદાની છાયામા, તેમની અપરંપાર કૃપાથી જ રોપાઈ ગયા હતા. કહેવાય છે કે, **'શુભનું ચિંતવન જ શુભકાર્ય કરાવે છે.'** શબ્દ એ બ્રહ્મનું સ્વરૂપ છે એવું ભારતીય શાસ્ત્રોમાં કહ્યું છે અને જ્યારે શબ્દનો મહાકુંભ યોજાય ત્યારે જ આવી મહાન યાત્રાઓના સ્થંભ રોપાય છે. પ્રથમ ઉપપ્રમુખ સદ્ગત **શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ** પાલિતાણામાં જે સેવા પ્રભાવિત અને ઉત્સાહમાં આવી ગયા હતા કે તેમના મુખમાંથી જ શ્રી સમ્મેતશિખરજી યાત્રા પ્રવાસનું આયોજન કરવાના મનોરથ સરી પડ્યા હતા. તે જ સમયે પ્રથમ દાતા તરીકે **શ્રી પંકજભાઈ નેમચંદ શાહે** પણ તેમના પ્રબળ પુણ્યોદયે આ પ્રવાસની વાત ઝીલી લીધી. તેજ શુભ ઘડીએ આપણા પ્રમુખ **શ્રી દાનેશભાઈ વી. શાહ (માટલીવાલા)** જેઓ સાચા દિલથી જ એક દરિયાદિલ હૈયું ધરાવે છે. પૂ. માતા-પિતાના અસીમ આશીર્વાદથી ક્ષણભરનો વિલંબ કર્યા વગર બીજું નામ **''શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાલા પરિવાર''** નામ જાહેર થતાંની સાથે જ પરમાત્મા પંચાસરા પાર્શ્વનાથ ભગવાનની અસીમ કૃપા વરસતી ગઈ. ઉપસ્થિત યાત્રિકોએ હર્ષના આંસુ સાથે વર્ષ ૨૦૨૪માં શ્રી સમ્મેતશિખરજી યાત્રા પ્રવાસને તાળીઓના ગડગડાટથી સ્વીકારી લીધી.

**''પુષ્પ માત્ર મર્યાદિત ક્ષેત્રમાં મહેંકે છે,**
**જ્યારે દાનવીર દાતાઓ સર્વત્ર મહેંકે છે.**

શ્રી પાટણ જૈન સમાજના દાનવીર મહાનુભાવોએ ભાવાંજલિ સાથે પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવા હેતુ પ્રવાસમાં જોડાતા ગયા તેની સાથે સાથે પાટણ જૈન મંડળના પ્રમુખ **શ્રી દાનેશભાઈ શાહ** તથા સેક્રેટરી એડમીન **શ્રી દેવેશભાઈ શાહ** સાથે સંપૂર્ણ ટીમનો ઉત્સાહ વધતો ગયો. હૈયામાં હામ જાગી અને આ પ્રવાસનું આયોજન ખુબજ સુદ્રઢ રીતે થાય તેવા પ્રયાસો શરૂ થઈ ગયા.

કાર્યક્રમની રૂપરેખા અને થનાર ખર્ચ માટે વિગતો મંગાવવામાં આવી, આ બાબત ફાઈનલ કરવા અવારનવાર **શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહના** ઘરે મીટીંગો કરવામાં આવી અને છેવટે પાંચ દિવસ અને પાંચ કલ્યાણકોના દર્શન માટે ફેબ્રુઆરીના બીજા-ત્રીજા સપ્તાહમાં જવાનું તેમજ કુલ પાંચસો યાત્રિક લેવાનું નક્કી કરવામાં આવ્યું. સાથોસાથ વ્યક્તિ દીઠ રૂપિયા ૫,૦૦૦/- અને રૂપિયા ૧૫,૦૦૦/- ની બે કેટેગરીમાં યથાશક્તિ યાત્રિક યોગદાન લેવાનું ઉપરાંત એક જ પરિવારમાંથી વધુમાં વધુ બે સભ્યોને લેવાનું પણ નક્કી કરવામાં આવ્યું.

શિખરજી યાત્રા પ્રવાસની આછેરી જાહેરાતને લગભગ છ મહિના વ્યતિત થઈ ગયા હતા ત્યારે સમાજના પરિવારોની ધીરજ ખુટવા આવી હતી જેથી પર્યુષણ પર્વ પહેલાંના પ્રતિબિંબમાં મંડળના ઇતિહાસમાં પ્રથમ વખત વિમાન મારફત યાત્રા પ્રવાસની જાહેરાત કરવામાં આવી અને અપેક્ષા મુજબ જ સમાજના પરિવારોમાંથી ૯૦૦થી અધિક યાત્રિકોએ યાત્રામાં જોડાવવા અરજી કરી. હવે ફરી નવી મુંઝવણ ઉભી થઈ કોને અને કેવી રીતે યાત્રિકોનો સમાવેશ અંગે વિસ્તૃત ચર્ચાઓ કર્યા બાદ તા.૩/૧૧/૨૦૨૩ના હોદ્દેદારો તેમજ ટ્રસ્ટીઓની હાજરીમાં ડ્રો દ્વારા ૩૫૦ નામ લેવામાં આવ્યા જેમાં વિધવા બહેનોને પ્રાધાન્ય આપવામાં આવ્યુ. સાથોસાથ દાતાઓ પાસેથી પણ નામો મંગાવવામાં આવ્યા અને પ્રારંભ થયો એક ભગીરથ યાત્રા પ્રવાસનો સહુથી વધુ પરમતારક પરમાત્માનો આભાર જેમણે દરેક ક્ષણે સતત અમી વર્ષા વરસાવી જેના વિના તો આયોજનની સફળતા સંભવી જ ના શકત.

હવે જે યાત્રિકોના ડ્રોમાં નામ આવ્યા ન હતા તેઓ તરફથી યાત્રામાં લઈ જવા સતત ફોન આવી રહ્યા હતા, તેમજ દાતાઓ મારફત

પણ વધુ યાત્રિકો લઈ જવા રજૂઆત કરવામાં આવતાં, યાત્રાના અંદાજીત કાર્યક્રમને આખરી ઓપ આપવા તેમજ વધુ ૫૦ યાત્રિકોનો કઈ રીતે સમાવેશ કરી શકાય વગેરે માટે ડિસેમ્બર માસના પ્રથમ સપ્તાહમાં **પ્રમુખશ્રી દાનેશભાઈ શાહ,** ઉપપ્રમુખ અને યાત્રાના કન્વીનર **શ્રી રાજેન્દ્રભાઈ શાહ, શ્રી હિતેનભાઈ વિમાવાળા** દ્વારા પાયલોટ વિઝીટ કરવામાં આવી. જેનું સફળ પરિણામ એટલે ૫૦ થી ૭૫ વધુ યાત્રિકોના સમાવેશની શક્યતા, પાવાપુરીની ઓછી સુવિધાયુક્ત ધર્મશાળાને બદલે ૩૨૫ યાત્રિકોની રાજગૃહી ખાતે વિરાયતનમાં તેમજ તેમજ કૃપાનિધિ અને નાલંદા રેસિડન્સી હોટેલ ખાતે બીજા ૨૨૫ યાત્રિકોની ઉતારા માટેની વ્યવસ્થા. શિખરજીમાં સિદ્ધાયતન ખાતે ૪૫૦ તેમજ પ્રકાશ ભુવન ખાતે ૧૨૫ યાત્રિકોના ઉતારા માટેની વ્યવસ્થા. પટના, રાંચી, ગયા, દુર્ગાપુર વગેરે ખાતેથી જુદા જુદા સમયની આવવા જવા માટે ફ્લાઈટ ટિકિટ બુક કરવામાં આવી હતી. દાતાઓ માટે સ્વખર્ચે કાર અને યાત્રિકો માટે બસોની વ્યવસ્થા કરવામાં આવી. સાથોસાથ દાતાઓના પણ નિયત ફાળવાયેલ સભ્યો ઉપરાંત વધારાના સ્વજનો માટે રૂા. ૩૦,૦૦૦/-નું ખર્ચ થનાર કુલ રકમનું યાત્રિક યોગદાન લઈને સમાવેશ કરવામાં આવ્યો હતો.

પ્રવાસની પ્રાથમિક તૈયારીઓ થઈ ગયા બાદ દિવસ રાતની સખત અને સતત જહેમત લઈને **શ્રી દાનેશભાઈ** દ્વારા દાતાઓ સાથે વાતચીત કરી વિવિધ વિમાનની ટિકિટ ફાળવણી, માનદમંત્રી એડમીન **શ્રી દેવેશભાઈ** તથા માનદમંત્રી ડીજીટલ **શ્રી ભાવિકભાઈ** દ્વારા દરેકને રૂમનો ઉતારો તેમજ વિમાનના સમય મુજબ બસની ફાળવણી, સંપૂર્ણ વિગતો સાથેના યાત્રિક કાર્ડ, એર ટિકીટ, બેગ તથા કીટ વગેરે તૈયાર કરવામાં આવી. જૈ પૈકી ૩૫૦થી વધારે યાત્રિકોએ ગરવારે ક્લબ ખાતે ઉપસ્થિત રહી પોતાની કીટ મેળવી લીધી.

એડમીન માનદમંત્રી **શ્રી દેવેશભાઈના** નેતૃત્વ હેઠળ યાત્રા પ્રવાસના વિશાળ આયોજન માટે ત્રણ વખત સ્વયંસેવકોની સાથે મીટીંગો યોજવામાં આવી હતી. જેમા યાત્રા પ્રવાસ દરમ્યમાન દાતાઓના યાત્રિક કાર્ડ સહીતની વિતરણ વ્યવસ્થા, યાત્રિક માટેના ફુડ પેકેટનું વિતરણ, છત્રપતિ શિવાજી ટર્મીનલ એક અથવા બે ઉપર ત્રણ કલાક અગાઉ આગમન, સિક્યુરીટી ચેકીંગ અંગેનું માર્ગદર્શન, પ્રથમ વખત પ્રવાસ કરતા યાત્રિકોને બોર્ડીંગપાસ મેળવવા માર્ગદર્શનથી લઈ કયા ગેટ ખાતેથી વિમાન ઉપડશે તેની જાણકારી, બસ વ્યવસ્થા યાત્રિકોની યાદી, બસ નંબર સ્ટીકર, પોર્ટર માટેના ટી શર્ટ, વધારાના લગેજ કાર્ડ ઈત્યાદી અંગેની સંપૂર્ણ માહિતી સાથોસાથ યાત્રિકોને કીટ વિતરણ માટે વિસ્તાર મુજબના ટેબલ, મેલ-ફિમેલ વગેરેની માહિતી આપવામાં આવી હતી. પાયાના કામો પુરા થયાં અને યાત્રાનો દિવસ પણ આવી ઊભો આંગણે. **તારીખ ૨૪ ફેબ્રુઆરીના દિવસે** મુબઈ તથા અમદાવાદ ખાતેથી શ્રી પાર્શ્વ પ્રભુના જયઘોષ સાથે રવાના થઈ, એક પછી એક જુદી જુદી ફ્લાઈટ દ્વારા વિમાનતળેથી ઉતરી અલગ અલગ સમયે મોડી રાત ત્રણ વાગ્યા સુધી દરેક યાત્રિકોનું રાજગૃહીમાં આગમન થયું.

નવકારશી, બપોરનું ભોજન તથા ચોવિહાર ઈત્યાદિ ભોજનની વાનગી અંગે યાત્રા પ્રવાસના કન્વીનર **શ્રી હિતેનભાઈ વિમાવાળા** દ્વારા **રિદ્ધી-સિદ્ધીવાળા શ્રી મેહુલભાઈ** સાથે અનેક વખત ચર્ચા-વિચારણા કર્યા પછી સુંદર અને વિવિધ પકવાનો સાથે ભોજન પીરસવામાં આવ્યું હતુ.

**તારીખ ૨૫ ફેબ્રુઆરીના** સવારે નવકારશીને ન્યાય આપી સહુ યાત્રિકો પોત પોતાની રીતે ટાંગા, રીક્ષા કે કાર મારફત રાજગૃહીના પર્વત ખાતે બિરાજમાન પરમાત્માના દર્શન, સેવા, પૂજા, ગરમ પાણીના કુંડ, સાથોસાથ બુદ્ધ સ્તૂપ, શહેરનું અતિ પ્રાચીન જિનાલય દર્શન ઈત્યાદિ માટે રવાના થયા અને પરત ફરતાં બપોરના ભોજનને ન્યાય આપી બપોરે મહાવીર સ્વામી નિર્વાણ ભૂમિ - પાવાપુરી ખાતેના જલ મંદિર તથા અન્ય જિનાલયના દર્શન વંદન કરી પાવાપુરી ખાતે ચોવિહારને ન્યાય આપી પુનઃ રાજગૃહી પરત ફર્યા.

અત્રેના જિનાલય ખાતે ભક્તિ ભાવનાનું આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રા પ્રવાસના દાતાઓ, શ્રી પાટણ જૈન મંડળ તથા યાત્રિકો દ્વારા આપવામાં આવેલ રકમના સામુહિક સંઘ પૂજનનું વિતરણ કરવામાં આવ્યું, જેમાં દરેક યાત્રિક દીઠ રૂા. ૧૩૫૦/-ની પ્રભાવનાનું કવર આપવામાં આવ્યું હતું. તેમજ બીજે દિવસે સવારે સાડા ચાર વાગ્યે લચ્છવાડ તરફ જવાનું હોઈ સામાન પેક કરી સમયસર દરેકે બસમાં બેસી જવાની સૂચના આપવામાં આવી.

**તારીખ ૨૬ ફેબ્રુઆરીના** વહેલી સવારે દરેક યાત્રિકોને પહેલે માળે મહિલા, બીજે માળે પુરુષ તથા ગ્રાઉન્ડ ફ્લોર ખાતે દાતાઓ માટે બ્લોક ફાળવવામાં આવ્યા હતાં. ત્યા નવકારશી વાપરીને પોત પોતાની રીતે કાર મારફત રવાના થઈ મહાવીર સ્વામીના ચ્યવન, જન્મ તથા દીક્ષા કલ્યાણકોથી શોભતી ક્ષત્રીય કુંડ જિનાલય ખાતે સેવા પૂજા કરવામાં આવી. પરત ફરતાં બપોરનું ભોજન લઈને પુનઃ બસમાં બેસી સંઘ રવાના થયો. શિખરજી તરફ અને લગભગ રાતે આઠ-નવ વાગ્યા સુધી દરેક યાત્રિકોનું આગમન થયું. જ્યાં અગાઉથી કરેલ વ્યવસ્થા મુજબ મોડી રાત સુધી ડોલી માટેની ગોઠવણ અંગે માર્ગદશન આપવામાં આવ્યું.

**તારીખ ૨૭ ફેબ્રુઆરીના** વહેલીસવારેદરેકયાત્રિકો સહું પ્રથમ શિખરજીનીતળેટીએ **''ભોમિયાદાદા''**નાદર્શન કરીઊંચા ઊચા લીલાછમ ડુંગર, લીલી વનરાજીની વચ્ચે ચઢાવ-ઉતાર, ક્યાંક પગથિયા તો ક્યાંક ઢોળાવ, ઉપર નિરભ્ર આકાશ અને શિતળ વાતાવરણ સાથેનું ૯ કિલોમીટર ચઢવાનું, ૯ કિલોમીટર દેરીઓ દર્શન તથા ૯ કિલોમીટર ઉતરવાનું મળી કુલ ૨૭ કિલોમીટરમાં વ્યાપ્ત ચોવીશ તીર્થંકર પૈકી વીશ વીશ તીર્થંકરોની નિર્વાણ કલ્યાણક ભૂમિ ખાતે બનાવવામાં આવેલ દેરીઓમાં સ્થાપિત ચરણ પાદુકાની સ્પર્શના તેમજ જલમંદિર - પાર્શ્વનાથ દાદાના જિનાલય ખાતે સેવા-પૂજા, દર્શન-ચૈત્યવંદન કરવા ડોલી, બાઈક કે પગપાળા યાત્રાનો પ્રારંભ થયો.

સહુએ પોતાની શક્તિ અનુસાર માત્ર જલ મંદિર તેમજ પાર્શ્વનાથ દાદા જ્યાં મોક્ષે સિધાવ્યા તે ગુફા સાથેની ટૂંક કે પછી ચંદ્રપ્રભુ સહીત ૩૧ ટૂંકની સેવા-પૂજા કરી હરખાતાં હૈયે યાત્રા કરી. દરેક યાત્રાળુઓ માટે શિખરજી જલમંદિર ખાતે બે મીઠાઈઓ સાથેના ગરમા ગરમ બ્રંચની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેનો સહુએ પ્રેમથી લાભ લીધો હતો. તળેટીથી પુનઃ ઉતારા ઉપર આવ્યા અહીં ગરમ પાણીમાં પગ રાખવાની સગવડ તેમજ વરિયાળી, લીંબુ, મોસંબી વગેરે વિવિધ પીણાંઓની સગવડ કરવામાં આવી હતી. પાર્શ્વનાથ દાદાની અસીમ કૃપાથી ત્યાનું વાતાવરણ ખૂબજ સુંદર હતું. ગુલાબી ઠંડી હતી. તેમજ યાત્રાનો થાક પણ નજરે નહોતો પડતો. દરેકના મુખે યાત્રાનો પુષ્કળ આનંદ સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો. દરેકના મુખે બસ એકજ વાત **''યાત્રા બહુ સરસ થઈ.''**

**તારીખ ૨૮ ફેબ્રુઆરીના** સવારે નવકારશીને ન્યાય આપી સહુ યાત્રિકો બસો મારફત મહાવીર સ્વામી કેવલજ્ઞાન ભૂમિ ૠજુવાલિકા ખાતે ગોદોહિકાસન પ્રભુ મહાવીરની પ્રતિમાના દર્શન કરવા ગયા અને દર્શન કરતા પરમાત્માના કેવળજ્ઞાન સમયની ઝાંખી થઈ. સેવા-પૂજા કરી, બાજુમા જ નંદપ્રભા જિનાલય ખાતે મુળનાયક દાદા મહાવીર સ્વામી છે તે જિનાલય ખુબજ કલાકારીગરીથી ભવ્ય નવનિર્મિત પરમાત્માનું સમવસરણ છે ત્યાં દર્શનપૂજા કરીને સૌ ભાવવિભોર બની ગયા હતા અને સિદ્ધાયતન ખાતે પરત ફર્યા.

**''ઝીલમીલ થતાં તારાઓની પીછી બોળી ચિતર્યું આખ્ખી રાત,**
**રંગે બે રંગી પાંખો પહેરી નીકળી પડી સલૂણી સંધ્યા...''**

સાંજે ચોવિહાર બાદ ભક્તિ સંગીત તથા દાતા અભિવાદન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં **શ્રી મુકેશભાઈ** દ્વારા ભક્તિ ભાવના ગીતોની રમઝટ બોલાવી એ સમયે **શ્રી હિતેનભાઈ ચંપકલાલે** ખુબજ ભાવથી ચામર નૃત્ય કરીને ભક્તિ કરી હતી. સાથે વાતાવરણ ભક્તિમય બન્ય હતું. આ અવસરે **શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ, શ્રી નિલયભાઈ અમુલભાઈ શાહ** તથા **શ્રીમતી ભારતીબેન નરેન્દ્રભાઈ શાહ** દ્વારા પણ ભક્તિ ગીતોની રજૂઆત કરવામાં આવી હતી.

અભિવાદન સમારોહની શરૂઆતમાં માનદમંત્રી એડમિનિસ્ટ્રેશન **શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહે** કુશળતા પૂર્વક સમારોહનું સંચાલન કરતા જણાવ્યું હતું કે યાત્રા પ્રવાસના સફળતાના મુખ્ય પાંચ આધાર સ્થંભો રહ્યાં.

- સર્વપ્રથમ યાત્રા પ્રવાસમાં જોડાયેલા મુંબઈ, પાલઘર, સુરત, વડોદરા, અમદાવાદ, પાટણ, શીરપુર, માલેગામ સ્થિત સમાજના ૫૭૫ યાત્રિકો જેઓ તરફથી પ્રાપ્ત થયેલ અનન્ય સહકાર અને સહયોગ.
- બીજા ક્રમે આવે પ્રવાસના સહકાર્યકર્તાઓએ બસ તથા વિમાન પ્રવાસ, ફુડપેકેટ વિતરણ સિક્યુરીટી ચેકીંગ ઈત્યાદી ઝીણવટભરી લીધેલ કાળજી.
- ત્રીજા ક્રમે શ્રી પાટણ જૈન મંડળના હોદ્દેદારો તેમજ વ્યવસ્થાપક સમિતિના સભાસદો જેઓ દ્વારા સ્વૈચ્છિક પણે આપેલ સરાહનીય સહકાર.
- ચોથા ક્રમે યાત્રા પ્રવાસના દરેકે દરેક દાતાઓ જેણે સમાજના ભાઈ-બહેનોને નિર્વિઘ્ને સુંદર યાત્રા કરવાની ભાવના સાથે દાનની ખુલ્લી મુકેલી ઝોળી.
- અને છેલ્લે પણ સહુથી વધુ પરમતારક પરમાત્માનો આભાર જેમણે દરેક ક્ષણે સતત અમી વર્ષા વરસાવી જેના વિના તો આયોજનની સફળતા સંભવી જ ના શકત.

ત્યારબાદ **શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ** દ્વારા નમસ્કાર મહામંત્રનું પઠન કરવામાં આવેલ. ઉપપ્રમુખ અને પ્રવાસના કન્વીનર **શ્રી હિતેનભાઈ ચંપકલાલ વિમાવાલા** દ્વારા ઉપસ્થિત ભાઈ બહેનોનું ઉષ્માભર્યું સ્વાગત તથા સમેતશિખરજીનો ટૂંકમાં મહિમા વર્ણવામાં આવ્યો હતો. એમણે જણાવ્યું હતું કે આપણા **પ્રમુખશ્રી દાનેશભાઈની** પુણ્યાઈથી આ ભગીરથ કાર્ય સરળતાપૂર્વક પાર પડ્યું છે. કહેવાય છે કે કોઈ ભવ્ય જીવ ભાવ સહિત આ તીર્થની યાત્રા વંદન કરે તો તેને વહેલો મોક્ષ પ્રાપ્ત થાય છે. આ તીર્થની યાત્રાથી આપ સૌ મોક્ષ સુખ પામો એજ અભિલાશા. આ તબક્કે હું આપણા આજના ડોનરો, કાર્યકર્તા અને શ્રી પાટણ જૈન મંડળના સ્ટાફનો હૃદયપૂર્વક આભાર માનું છું.

ઉપપ્રમુખ અને પ્રવાસના કન્વીનર **શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ** દ્વારા યાત્રા પ્રવાસની પૂર્વ ભૂમિકા અને યાત્રા પ્રવાસના સુખદ સંસ્મરણોની રજૂઆત કરવામાં આવી હતી. તેમજ સંપૂર્ણ પ્રવાસમાં પાયાના પથ્થર બની સર્વ શ્રેષ્ઠ યોગદાન આપનાર એડમીન માનદમંત્રી **શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ,** માનદમંત્રી ડીજીટલ **શ્રી ભાવિકભાઈ ભદ્રેશભાઈ શાહ, શ્રી જીગરભાઈ ગીરીશભાઈ શાહ, શ્રી પરાગભાઈ રજનીકાંત શાહ** તથા **શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહને** મંચ ઉપર બોલવી ઉપરાંત **સંસ્થાના કર્તવ્યનિષ્ઠ કર્મચારીઓના** યોગદાન બદલ તેમની પ્રસંશા કરવામાં આવી હતી. સાથોસાથ ચાલીસેક સ્વયં-સેવકો જેમણે બસ, કેટરીંગ, વિમાન, ફુડપેકેટ વગેરે વ્યવસ્થા સુચારુપણે સંભાળેલ તે બદલ બિરદાવવામાં આવ્યા હતા.

સંસ્થાના પ્રમુખ **શ્રી દાનેશભાઈ** દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યુ હતું જેમાં પરમાત્માની અસીમ કૃપાથી ૧૧૨ વર્ષના સંસ્થાના પુણ્યોદયના પરિણામે યાત્રિકોની યાત્રા સુખરૂપ થઈ, યાત્રિકોને કોઈપણ પ્રકારની તકલીફ પડી નથી. એમને ડોનરોનો ને કાર્યકરોનો આભાર માન્યો. ઉપપ્રમુખ **શ્રી હેમંતભાઈ સાલવી** દ્વારા સૌરભ મેડિકલ સેન્ટર વિશે માહિતી પૂરી પાડવામાં આવી હતી. મંડળના **ટ્રસ્ટી શ્રી દીપકભાઈ રેવંતીલાલ** દ્વારા પણ આયોજનની સફળતામાં સહયોગી એવા દરેક ભાઈ બહેનોની પ્રસંશા કરવામાં આવી હતી.

આ ઉપરાંત **રિદ્ધિ સિદ્ધિ ટ્રાવેલ્સના શ્રી મેહુલભાઈ** તથા મનભાવતા ભોજન પીરસનાર **શ્રી ભરતભાઈને પ્રમુખશ્રી દાનેશભાઈ, ઉપપ્રમુખ અને કન્વીનર શ્રી હિતેનભાઈ વિમાવાળા** અને **શ્રી રાજેન્દ્રભાઈ શાહ** દ્વારા શાલ, માળા તથા દુપટ્ટો એનાયત કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ **શ્રીમતી ભાવિનીબેન જનકભાઈ શાહ** તથા **શ્રીમતી હીનાબેન ચેતનભાઈ શાહ** દ્વારા દરેક સંઘ પતિઓ તથા યાત્રા પ્રવાસના સ્વયં સેવકોને મોમેન્ટો આપી અભિવાદન કરવામાં આવ્યું હતું.

વિશેષમાં પ્રવાસમાં જોડાયેલા યાત્રિકો પૈકી જે ભાઈ-બહેન ડોલીના પૈસા ભરવા સક્ષમ ન હોય તેમને સહાયક થવા સંઘપતિઓ દ્વારા એક સારી એવી રકમ એકત્રિત કરવામાં આવી હતી અને આ વાત ગુપ્ત રાખવામાં આવી હતી જેની અનુમોદના કરતા હર્ષ અનુભવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય રહેશે કે યાત્રા પ્રવાસના તૈયાર થયેલ સુચીત સ્કેચને ફાઈનલ રૂપરેખા મળે તે પહેલા જ **શ્રી જનકભાઈએ** આપણી વચ્ચેથી વિદાય લેતા તેમના સંકલ્પ અનુસાર આગળનું કાર્ય શિખર પર્યંત પહોંચાડવાનું બીડું ઝડપી **પ્રમુખ શ્રી દાનેશભાઈ, ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ શાહ અને શ્રી હિતેનભાઈ વિમાવાળા, માનદમંત્રી એડમીન શ્રી દેવેશભાઈ, ડીજીટલ મંત્રી શ્રી ભાવિક ભાઈ, શ્રી જીગરભાઈ, શ્રી પરાગભાઇ, સંસ્થાના મેનેજર શ્રી મનુભાઈ જોશી, શ્રી જ્ઞાનેશભાઈ લાપસીયા, શ્રી ભાલચંદ્ર ભટ્ટ, શ્રીમતી પ્રિયાબેન શાહ, શ્રીમતી સુશીલાબેન પાટડિયા, શ્રી જયંતિલાલ દેસાઈ, શ્રી ભુપેન્દ્રભાઈ શાહ, શ્રી અભયભાઈ શાહ, શ્રી ધનરાજભાઈ શાહ** સર્વે કર્મચારીની દિવસ રાત નહીં જોતાં અહર્નિશ પણે આપવામાં આવેલ સેવાઓ તેમજ ઝીણામાં ઝીણી વિગતોની લેવામાં આવેલી ચિવટ, વિમાન, ધર્મશાળામાં ઉતારો, બસ અને કારની એકદમ સુચારુ વ્યવસ્થા, વિવિધ વોટ્સએપ ગૃપ બનાવી દરેક ગતિવિધિઓની માહિતી, જરૂરી માર્ગદર્શન, કાર્યક્રમની રૂપરેખા તથા માહિતી સાથે **'સંસ્થા આપના દ્વારે'** જેવી ઉત્તમ ભાવના સાથે બોરીવલી, ગોરેગાંવ તથા વિલે પાર્લે ખાતેની ટીકીટ વિતરણ વ્યવસ્થાને પરિણામ સ્વરૂપ સમગ્ર યાત્રા સંપૂર્ણ સફળતાને વરી.

રાજગૃહી તેમજ સિદ્ધાયતન ખાતે કેટલીક મુશ્કેલીઓના પરિણામે ઓછા બ્લોકની ફાળવણી કરવામાં આવતા બીજી હોટલ કે બીજા બ્લોકોમાં ઉતારો આપવાની છેલ્લી ઘડીએ નિર્ણય લેવો પડ્યો ત્યારે સંપૂર્ણ સહકાર આપનાર સર્વે યાત્રિકો પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવે છે.

યાત્રા પ્રવાસના મુખ્ય કાર્ય એટલે પાંચ દિવસ ત્રણેય સમય જુદી જુદી વાનગીઓ સાથે પ્રીતિ ભોજનની વ્યવસ્થા ઉપરાંત પ્રવાસ દરમિયાન વિમાન કે બસ માટે ફૂડ પેકેટ માટે મેનુ ફાઈનલ કરવા ઉપરાંત ડોલીની વ્યવસ્થા સ્વેચ્છાએ સ્વીકારી તેના ગ્રુપ લીડર સાથે સતત વાર્તાલાપ કરી શક્યતઃ સેવા પુરી પાડનાર કન્વીનર **શ્રી હિતેનભાઈના** માર્ગદર્શન હેઠળ **શ્રી પરાગભાઈ, શ્રી જીગરભાઈ, શ્રી સુનીલભાઈને** જવાબદારી સોંપવામાં આવી હતી જેમાં સમગ્ર ટીમ સંપૂર્ણ સફળતાની ભાગીદાર રહી. **ડૉ. જનકભાઈ રમણલાલ શાહ** તથા **શ્રી અમુલભાઈ પી. શાહ** બન્નેએ ભોજન સમયે જે યાત્રિકો જમવામાં પોતાની થાળીમાં બગાડ કરતા હતાં તેઓને ત્યાં જ ઉભા રાખી પોતાની થાળીમાંથી બધુ જ જમી લેવા આગ્રહ કરતા હતા અને એઠું ન મુકવાની અપીલ કરતા હતા. તેમનો પણ આભાર માનવામાં આવ્યો હતો. **ડૉ. જનકભાઈએ** યાત્રિકોની નાની મોટી બીમારીમાં સારવાર આપી હતી.

આ પ્રસંગે સંસ્થા દ્વારા કરવામાં આવેલ સૂચનને યાત્રિકોએ વધાવી લેતા સાધારણ ખાતે કુલ રૂા. ૫,૧૭,૦૦૦/- અને સામુહીક સંઘપૂજન ખાતે રૂા. ૬,૦૦,૦૦૦/-ની રકમ સમર્પિત કરવામાં આવી હતી.

સંપૂર્ણ યાત્રાની રૂપરેખા અને સંઘપતિઓના ટૂંક પરિચય સાથેની આકર્ષક પુસ્તિકાનું સંપાદન **મે. નેહજ એન્ટરપ્રાઈઝ** મારફત કરવામાં આવ્યુ હતું જેને સર્વે યાત્રિકોએ મન ભરી વખાણી હતી.

પ્રવાસ દરમ્યાન કોઈ અસામાન્ય સંજોગોનું નિર્માણ થાય ત્યારે કામમાં આવે તેવા આશયથી ચાર ઓક્સીજન મશીનની વ્યવસ્થા રાખવામાં આવી હતી. તેમજ અન્ય નાની બિમારીઓ માટે એક મેડિસીન કીટની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

એરપોર્ટથી બસોમા ધર્મશાળા હોટલના ઉતારા તેમજ ઉતારાથી પુનઃ બસમાં પ્રવાસ સમયે યાત્રિકોનો સામાન લાવવા-લઈ જવા લગભગ ૪૦ પોર્ટરોની સુવિધાઓ પુરી પાડવામાં આવી હતી.

વિરાયતન ખાતેના કેમ્પસમા વિવિધ સ્થળે આવેલ મકાનોથી જિનાલય અને ભોજનશાળા ખાતે લાવવા-લઈ જવા ઈ-રીક્ષાઓની સુવિધાનો દરેકે હર્ષભેર લાભ લીધો હતો.

સંસ્થા યોજીત સમેતશિખરજી યાત્રા પ્રવાસ માટે ૧૪ બસો તથા ૩૧ ઈનોવાનો કાફલો, લગભગ ૧૫૦ થી અધિક સમાજના ભાઈ-બહેનો દ્વારા પ્રથમ વખત વિમાન પ્રવાસ તેમજ નાના બાળકોથી લઈને સિનિયર સિટીઝનો સહીત બધા સંઘપતિઓ સહિત ૫૭૫ યાત્રિકો દ્વારા એકજ સુરે સફળતા અને સંતોષની અભિવ્યક્તિ.

**જય જય શ્રી પાર્શ્વનાથ... જય જય શ્રી મહાવીર સ્વામી... નાં જયકાર બોલાવીને મુંબઈ આવવા પ્રયાણ કર્યું.**

# ઐતિહાસિક શ્રી સમેતશિખરજી પંચતીર્થ યાત્રા પ્રવાસ




## તીર્થ યાત્રાની અટારીએથી

* ૫૭૫ યાત્રિકોનો આવવા તથા જવા સાથેનો વિમાન યાત્રા પ્રવાસ. (જેમાં ૧૫૦થી અધિક યાત્રિકોનો પ્રથમ પ્રવાસ)
* ૨x૨ પુસબેક ૧૪ એસી બસ અને ૩૧ ઈનોવા દ્વારા શ્રી સંઘનો પાંચ દિવસનો પ્રવાસ યાત્રા.
* રાજગૃહી - પાવાપુરી - લચ્છવાડ - ઋજુવાલીકા - શિખરજી તીર્થમાં દેવ-દર્શન-પુજા-ભાવના આદી ધાર્મિક અનુષ્ઠાનો દ્વારા ૫૭૫ પટણી યાત્રિકો પ્રભુ ભક્તિમાં લીન, પુણ્યાનુંબંધી પુણ્યની પ્રાપ્તિ.
* શિખરજી પહાડ યાત્રામાં નાના ભુલકા (૧૦ મહિના) મોટા (૮૦ વર્ષ)ના વયસ્ક, શક્ત-અશક્ત સર્વે પૂણ્યશાળી ઉપર વરસી પરમાત્માની અસીમ કૃપા. એક બીજાના સથવારાના જોવા મળેલા અહ્લાદક દ્રશ્યો દરેકને ભાવવિભોર બનાવ્યા.
* પ્રવાસ દરમ્યાન રહેવાની, બસ દ્વારા મુસાફરીની ઉત્તમ વ્યવસ્થાને પણ ઝાંખી પાડી દે તેવી સવારની નવકારશી, બપોરનું જમણ અને ચોવીહારના ભોજનના રસથાળ.

### યાત્રા પ્રવાસથી પ્રભાવીત દાતાશ્રીઓની શિખરજી મુકામે દાનવર્ષા

| | | | |
|---|---|---|---|
| * | રૂા. ૫૦ લાખ | સૌરભ મેડિકલ હેલ્થ સેન્ટર | શ્રીમતી વિમળાબેન નવીનચંદ્ર ગભરુચંદ શાહ |
| * | રૂા. ૨૫ લાખ | સૌરભ મેડિકલ હેલ્થ સેન્ટર | શ્રી દીપકભાઈ સેવંતીલાલ ચીમનલાલ પટણી |
| * | રૂા. ૨૫ લાખ | સૌરભ મેડિકલ હેલ્થ સેન્ટર | શ્રીમતી કીન્નરીબેન દીપકભાઈ મફતલાલ શાહ |
| * | રૂા. ૧૧ લાખ | સૌરભ મેડિકલ તથા પ્રાથમિક શાળા | શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ |
| * | રૂા. ૧૧ લાખ | જીવન નિર્વાહ ભેટ | શ્રીમતી કીન્નરીબેન દીપકભાઈ મફતલાલ શાહ |
| * | રૂા. ૧૧ લાખ | જીવન નિર્વાહ ભેટ | શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી |
| * | રૂા. ૧૧ લાખ | જીવન નિર્વાહ ભેટ | શ્રીમતી કિરણબેન પ્રવિણચંદ્ર શાહ (યુએસએ) |
| * | રૂા. ૧૧લાખ | જીવન નિર્વાહ ભેટ | શ્રી દીપકભાઈ રેવંતીલાલ શાહ |
| * | રૂા. ૨ લાખ | નૂતન પ્રાથમિક શાળા પ્રોજેક્ટ | શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ |
| * | રૂા. ૧ લાખ | નૂતન પ્રાથમિક શાળા પ્રોજેક્ટ | શ્રીમતી ભાવિનીબેન જનકભાઈ શાહ |
| * | રૂા. ૨ લાખ | સમાજ ઉત્કર્ષ ભેટ | શ્રી શૈલેષભાઈ કેશવલાલ ગાંધી |
| * | રૂા. ૨ લાખ | મેડિકલ / શિક્ષણ સહાય ભેટ | શ્રીમતી જસ્મીનબેન જીજ્ઞેશભાઈ ચીનુભાઈ શાહ |
| * | રૂા. ૧.૫૦ લાખ | વૃદ્ધજન સહાય ભેટ | શ્રીમતી લીનાબેન નીગ્નેશભાઈ બાબુલાલ શાહ |




## સફળતાના સારથી... યાત્રા પ્રવાસના સંઘપતિ

**શ્રી પંકજભાઈ નેમચંદભાઈ ચુનીલાલ શાહ (પોળની શેરી)**
**શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)**
**શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ પરિવાર (કનાસાનો પાડો)**
**શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ પરિવાર (ડંક મહેતાનો પાડો)**
**શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી પરિવાર (મનમોહનજીની શેરી)**
**શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ સાલવી પરિવાર (હ. શ્રી હેમંતભાઈ સાલવી) (સાલવી વાડો)**
**શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)**
**શ્રીમતી જશુમતીબેન લલિતભાઈ સુરજમલ શાહ (હ. શ્રીમતી હીનાબેન ચેતનભાઈ શાહ) (ડંક મહેતાનો પાડો)**
**શ્રીમતી પરેશાબેન મહેશભાઈ રમણિકલાલ શાહ (કપુર મહેતાનો પાડો)**
**શ્રીમતી સરલાબેન અરવિંદકુમાર બાપુલાલ શાહ (હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ) (લખિયારવાડો)**

### સફળ યાત્રા પ્રવાસના શિલ્પીઓ

**શ્રી દાનેશભાઈ વી. શાહ – પ્રમુખ**

**કન્વીનર – શ્રી જનકભાઈ એ. શાહ • શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ • શ્રી હિતેનભાઈ સી. વિમાવાળા**

**અદભૂત વ્યવસ્થા સંભાળનાર હોદ્દેદાર, સમિતિ સભ્ય તથા સ્ટાફ સભ્યો**

| | | |
|---|---|---|
| શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ | શ્રી ભાવિકભાઈ ભદ્રેશભાઈ શાહ | શ્રીમતી ભાવિનીબેન જનકભાઈ શાહ |
| શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ | શ્રી પરાગભાઈ રજનીકાંત શાહ | શ્રી જીગરભાઈ ગિરીશભાઈ શાહ |
| શ્રી મયુરભાઈ સુરેશચંદ્ર જૈન | શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ | શ્રી જયેશભાઈ કુમારપાલ શાહ |
| શ્રી મિલનભાઈ વિપીનચંદ્ર શાહ | શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ | શ્રીમતી પ્રિતીબેન નિલેશભાઈ શાહ |
| શ્રીમતી શિતલબેન ભાવેશભાઈ શાહ | શ્રી નિલેશભાઈ રમેશચંદ્ર શાહ | શ્રી મિતેશભાઈ સુરેશભાઈ શાહ |
| શ્રી દિવ્યેશભાઈ ચંપકલાલ શાહ | શ્રી દિપકભાઈ પ્રેમચંદ શાહ | શ્રીમતી હીનાબેન યશમુખભાઈ શાહ |
| શ્રી વિજયભાઈ નવનીતલાલ શાહ | શ્રી સૌરભભાઈ ચંદ્રકાંત નગરશેઠ | શ્રી હેમાંગભાઈ કીરીટકુમાર શાહ |
| શ્રી સુનીલભાઈ રવિન્દ્રભાઈ શાહ | શ્રી સુનીલભાઈ શશિકાંતભાઈ ઝવેરી | શ્રી દિપકભાઈ મહેન્દ્રભાઈ શાહ |
| શ્રી હેમંતભાઈ જિતેન્દ્રભાઈ શાહ | શ્રી પ્રકાશભાઈ ભગવાનદાસ શાહ | શ્રી કલ્પીતભાઈ રશ્મિકાંત શાહ |
| શ્રી ચિરાગભાઈ અતુલભાઈ શાહ | શ્રી અમુલભાઈ પનાલાલ શાહ | શ્રી અશોકભાઈ દલપતભાઈ શાહ |
| શ્રી પંકજભાઈ ગુલાબચંદ શાહ | શ્રીમતી ધારાબેન નિલેશભાઈ શાહ | શ્રી રવિશભાઈ મહેન્દ્રભાઈ શાહ |
| શ્રી જિજ્ઞેશભાઈ ચીનુભાઈ શાહ | શ્રી હર્ષદભાઈ મફતલાલ શાહ | શ્રી મુકેશભાઈ સેવંતીલાલ શાહ |
| શ્રી જયેશભાઈ નાનકચંદ શાહ | | |
| શ્રી મનુભાઈ ઉ. જોશી | શ્રી જ્ઞાનેશભાઈ લાપસિયા | શ્રી ભાલચંદ્રભાઈ ભટ્ટ |
| શ્રી મીનાક્ષીબેન શાહ | શ્રી જીજ્ઞાબેન શાહ | શ્રી ધનરાજભાઈ શાહ |

# શ્રી શિખરજી યાત્રા પ્રવાસની ઐતિહાસિક ઝલક


















સર્વ દાતાશ્રી પરિવારની
ભૂરી-ભૂરી અનુમોદના
28.02.2024




















શ્રી પાટણ જૈન મંડળ


શ્રી પાટણ જૈન મંડળ


શ્રી પાટણ જૈન મંડળ


શ્રી પાટણ જૈન મંડળ


શ્રી પાટણ જૈન મંડળ


શ્રી પાટણ જૈન મંડળ


શ્રી પાટણ જૈન મંડળ








HEMKUNT




























શ્રી પાટણ જૈન મંડળ










શ્રી સમેતશિખરજી પંચતીર્થી
વિમાન યાત્રા પ્રવાસ






શ્રી પાટણ જૈન મંડળ













**SHREE PATAN JAIN MANDAL**
**PRESENTS**
**PATAN PREMIER LEAGUE (PPL)**
**SEASON - 7**

Shree Patan Jain Mandal

THE ROYALEUM
ATELIER

## ૪૫ વર્ષથી મોટી વયના સ્પોર્ટસમેનની ક્રિકેટ મેચ

**તા. ૦૩ માર્ચ ૨૦૨૪ના રવિવારના** રોજ ૪૫ વર્ષથી મોટી ઉંમરના ક્રિકેટ રસિયા ખેલાડીઓની એક રોમાંચક મેચ પોલીસ જીમખાના, મરીનડ્રાઈવ ખાતે સંપન્ન થઈ હતી. આ મેચમાં ૩૦ જેટલા ખેલાડીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. ૨૦x૨૦ ઓવરની મેચમાં એક ટીમના કેપ્ટન વાઈસ પ્રસીડન્ટ **શ્રી રોહિતભાઈ એમ. શાહ** હતા તો બીજી ટીમના કેપ્ટન સ્પોર્ટસ સમિતિના સેક્રેટરી **શ્રી પરેશભાઈ એ. શાહ હતા.**

**શ્રી રોહિતભાઈની** ટીમે પ્રથમ બેટીંગ કરીને **૧૭૦ રન** બનાવી વિજેતા થયા હતા અને **શ્રી પરેશભાઈની** ટીમે **૧૩૫ રન** બનાવ્યા હતા. આ બન્ને ટીમને ખુબ ખુબ અભિનંદન.














# The Royaleum Atelier PPL Season - 7




**તા. ૦૩ માર્ચ ૨૦૨૪ના રવિવારના** રોજ રોમાંચક **ફાઈનલ મેચ સિઝન-૭ પોલીસ જીમખાના, મરીનડ્રાઈવ** ખાતે સંપન્ન થઈ હતી. આ મેચમાં ટોટલ ૭ ટીમોએ ભાગ લીધો હતો. ફાઈનલ મેચમાં પ્રથમ બેટીંગ કરતા **ન્યુ ઈન્ડિયા ટાઈટન્સ** ૭૫ રનમાં આઉટ થઈ હતી. **ઈરાસવા સ્ટાર્સ** ટીમ વિજેતા બની હતી. આ વર્ષે પ્રથમ વખત મેચ રેફરી રાખવામાં આવ્યા હતા. તેમજ પ્રથમ વખત **IPL ની જેમ Fair Play Award** આપવામાં આવ્યો હતો. આ એવોર્ડ પ્રથમ વખત **ઈરાસવા સ્ટાર્સને** મળ્યો હતો. સાત ટીમોના ખેલાડીઓ ખેલદીલી પૂર્વક રમ્યા હતા.

અમે બધા **ન્યુ ઈન્ડિયા ટાઈટન્સ** અને **ઈરાસવા સ્ટાર્સનો** ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. આ અવસરે શ્રી પાટણ જૈન મંડળના **પ્રમુખશ્રી દાનેશભાઈ વી. શાહ** તથા **ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ શાહ, શ્રી રાજેન્દ્રભાઈ શાહ, શ્રી હિતેનભાઈ વિમાવાળા, સેક્રેટરી શ્રી દેવેશભાઈ શાહ, શ્રી અમીતભાઈ શાહ, શ્રી હીતેશભાઈ શાહ અને ટાઈટલ સ્પોન્સરર શ્રી ધવલભાઈ શાહ, શ્રીમતી હેતલબેન શાહ** તથા અન્ય હોદ્દેદારો, સ્પોર્ટસ સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

વિજેતા ટીમને ટ્રોફી આપી હતી તેમજ રનરઅપ ટીમને પણ ટ્રોફી આપવામાં આવી હતી.

| | | | |
|---|---|---|---|
| Catch of the Match - | Shri Smit Shah | Most Valuable player | Shri Aagam Shah |
| G Factor of Match - | Shri Krish Vora | Fair Play Award | Irasva Stars |
| Maximum 6's | Shri Nirmit Kapadia | Best Fielder | Shri Jigar Shah |
| Teem Player of the Match - | Shri Smit Shah | Best Boller | Shri Vilesh Salvi |
| Man of the Match - | Shri Riken Shah | Best Batsman | Shri Deven Dhruva |
| Emerging Player - | Shri Bhavya Shah | Man of the Sirish | Shri Ambish J. Shah |
| Best Wicket Keepar | Shri Ansh V. Shah | | |











N PREMIER LEAGUE 7.0




PATAN PREMIER LEAGUE
SEASON 7
MAN OF THE MATCH
VOUCHER RUPEES SEVEN THOUSAND ONLY
7000/-


PREMIER LEAGU
MAXIMUM
6's


PATAN PREMIER LEAGUE 7.0
TEAM PLAYER
OF THE MATCH


THE ROYALEUM ATELIER
PATAN PREMIER LEAGUE 7.0
MAN OF THE
SERIES


PATAN PREMIER LEAGUE 7.0
MOST VALUABLE
PLAYER


PATAN PREMIER LEA
BEST
WICKETKEE


SHREE PATAN JAIN MANDAL
PRESENTS
THE ROYALEUM ATELIER
PATAN PREMIER LEAGUE 7.0
BEST BATSMAN


SHREE PATAN JAIN MANDAL
PRESENTS
THE ROYALEUM ATELIER
PATAN PREMIER LEAGUE 7.0
BEST BOWLER


PATAN PREMIER LEAGUE 7.0
EMERGING PLAYER


FAIR PLAY AWARD


BEST FIELDER


PATAN PREMIER LEAGUE
SEASON 7
CHAMPIONS


RATSASVARI

# વુમન એમ્પાવરમેન્ટ સમિતિ દ્વારા યોજિત વન-ડે પિકનીક અહેવાલ

શ્રી પાટણ જૈન મંડળ **વુમન એમ્પાવરમેન્ટ સમિતિનો એન્યુઅલ પ્રોગ્રામ વન-ડે પિકનીક આયુષ રીસોર્ટ,** પનવેલ તા. ૦૮ માર્ચ, ૨૦૨૪ના દિને યોજાયો હતો.

પાટણના ઈતિહાસમાં કદાચ પ્રથમ વાર ૪૧૦ જેટલી પટણી વુમન્સ વસઈ થી સાઉથ મુંબઈ અને સેન્ટ્રલ મુંબઈ થી ૫ વર્ષથી ૮૫ વર્ષની જોડાઈ હતી. આ લોકો સવારે ૬ કલાકે નિર્ધારિત જગ્યાએથી બસમાં બેસવા હાજર થઈ ગયા હતા. સવારે ૬.૨૦ થી લગભગ ઓલ ઓવર મુંબઈથી ૬ જેટલા નક્કી કરેલ સ્પોટથી બસો ઉપડી ગઈ હતી અને ૮.૧૫ સુધીમાં ૧૧ બસો પિકનીક સ્થળે આવી પોંહચી હતી.

આયુષ રીસોર્ટમાં સુંદર મજાનું શંખેશ્વર પાર્શ્વનાથ દાદાનું દેરાસર છે જેઓ પૂજાના કપડામાં આવ્યા હતા તેમણે પૂજા કરી હતી. વુમન્સ-ડે હોવાના કારણે રીસોર્ટમાં દરેકનું ગુલાબના ફુલ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગરમાગામ ઈડલી-ઉપમા જલેબી-ફાફડા, ચા-કોફીની દરેક જણે લહેજત માણી હતી. બાદમાં રીસોર્ટમાં આવેલ બર્ડ સેન્ટરની મુલાકાત લીધી હતી અને ત્યાં આવેલા આલીશાન પેલેસમાં લેડીઝોએ ફોટો પડાવ્યા, પેલેસમાં દરેક જગ્યા પર સેલ્ફી લેવાનું મન થાય તેવી બેનમુન કલાકારીગરી હતી.

ત્યારબાદ **V3 ની હોસ્ટ મોના, શિતલ અને ફાલ્ગુનીએ** લોકોને પોતાની સુંદર મજાની ગ્રુપ ગેમ રમાડીને કોલેજના સમયની યાદ આપાવી દીધી. ઘણી લેડીઝોએ તથા બાળકોએ સંગીતના તાલે વોટર પાર્કની પણ મજા માણી હતી.

બપોરે જમણવારમાં રસ-પૂરી-ઢોકળાનો સ્વાદ માણી બધા ફરી ગોઠવાઈ ગયા. બેન્કવેટ હોલમાં, **વુમન એમ્પાવરમેન્ટના કન્વીનર શ્રીમતી હીનાબેન શાહે પ્રોગ્રામ ડોનર્સ શ્રીમતી સુરેખાબેન, શ્રીમતી કેતકીબેન, શ્રીમતી આશીતાબેન તથા શ્રીમતી હેતલબેન** તથા આવેલ સર્વે લેડીઝને વેલકમ કર્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે, શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ **શ્રી દાનેશભાઈ** અને પ્રથમ ઉપપ્રમુખ **શ્રી જનકભાઈ** દ્વારા પાટણના ઈતિહાસમાં પ્રથમવાર સમાજની મહિલાઓના અલગ-અલગ ક્ષેત્રે વિકાસ માટે સમિતિ બનાવવામાં આવી તે અભિગમની પ્રસંશા કરી હતી. ત્યારબાદ વુમન એમ્પાવરમેન્ટના આગામી કાર્યક્રમો વિશે માહિતી આપી હતી. સમિતિના સેક્રેટરી **શ્રીમતી ભાવિનીબેન શાહે** ડોનર્સ તથા **V3** ની ત્રણ બહેનોની આભારવિધિ કરી હતી તથા આ પિકનીકને સફળ બનાવવામાં સમગ્ર વુમન એમ્પાવરમેન્ટની સમિતિ મેમ્બર્સ તથા બસના વોલીયીન્ટર્સનો મોટો ફાળો હતો તેમનો આભાર માન્યો હતો. દરેક જણે **V3**ની બહેનો દ્વારા બનાવેલી અદભુત હાઉઝીની મજા માણી હતી અને ડી.જે. સાથે ડાન્સ મસ્તી માણી હતી.

ચોવિહારના સમયે High-Tea with Snecs ચર્ચાઓ ચાલતી હતી. ફરી હવે ઓવરનાઈટ પિકનીકના પ્રોમીસ લઈને લોકો ૬.૩૦ એ બસમાં ગોઠવાઈ ગયા હતા. આખા દિવસની વાતોની મીઠાશને મમળાવતા રાત્રે ૯.૩૦ સુધી દરેક જણ ઘરે પહોંચી ગયા હતા.

આખા પ્રોગ્રામને સફળ બનાવવા માટે દરેક જણનો ખુબ ખુબ આભાર માનવામાં આવ્યો હતો.

**શ્રી નિખીલભાઈ મહેન્દ્રભાઈ બેન્કર** જેમણે આ રીસોર્ટના બુકીંગમાં ખાસ નિર્ધારિત બજેટમાં બેસાડી આપવા જહેમત લીધી તે માટે તેમનો ખાસ આભાર.












# શ્રી સમ્મેતશિખરજી યાત્રાની અનુમોદના સાથે સુવર્ણ ઝલક
## યાત્રિકોનો પ્રતિભાવ

પ્રમુખ શ્રી દાનેશભાઈ અને ટીમ બહુજ જોરદાર અને મહેનતુ છે, બધા પોતાનો કામધંધો ભુલીને દિવસ-રાત એક કરીને તનતોડ મહેનત કરી બધા યાત્રિકોની સંપૂર્ણ સગવડ જે રીતે સાચવી છે તે માટે અમને બધાજ યાત્રિકોને ખૂબ જ ગૌરવ અને આનંદની લાગણી થાય છે. સમગ્ર સમાજ આપ સર્વેને સેલ્યુટ કરે છે.

**મૃગા જનકભાઈ શાહ (ગોરેગામ, ઢંઢેરવાડો)**

---

શ્રી પાટણ જૈન મંડળના ૧૧૨ વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર નવયુવાન પ્રમુખ શ્રી દાનેશભાઈ વી. શાહ (માટલીવાલા) તથા સમગ્ર ટીમના કાર્યકરો, હોદ્દેદારો વિગેરે શાસન સેવા અને સમાજ સેવાના સત્કાર્યોમાં અગ્રેસર રહીને, શ્રી પાટણ જૈન મંડળના શ્રેષ્ઠિઓ દાનવીર દાતાઓના સહકારથી ખૂબજ ગર્વ લઈ શકીએ તેવી રીતે ૫૭૫ યાત્રિકોને પ્લેન દ્વારા સમેતશિખરજીની પંચતીર્થી યાત્રા સુખરૂપ, સફળતાપૂર્વક સંપન્ન કરાવી તે માટે ખૂબ ખૂબ ધન્યવાદ. આ યાત્રા શ્રી પાટણ જૈન મંડળ માટે એક ઐતિહાસિક ઘટના સમાન છે. આપ સહુ સાથે મળીને આવા સુંદર કાર્યો કરતા રહો, નિરોગી, નિરામય રહો અને પાટણ નગરીની આન-બાન-શાનમાં વૃદ્ધિ કરતા રહો તેવી મંગલ કામના.

**ધીરૂભાઈ પી. શાહ (પાટણ)**

---

### સમેતશિખરજી યાત્રાના સકારાત્મક લાભો

આપણી યાત્રાના સકારાત્મક લાભો પણ નીચે મુજબ માનવા જેવા છે.

૧. ૫૭૫ યાત્રિકોની સામુહિક પુણ્યાઈ હોય ત્યારે જ આવો મોટો કાફલો નિર્વિઘ્ને સફળતા પૂર્વક યાત્રા પુરી કરી શકે છે.
૨. ૫૭૫ યાત્રિકો માટે ૫૦થી વધારે સ્વયંસેવકોના નામ રજીસ્ટર થઈ ગયા હતા.
૩. આ ઉપરાંત સ્વેચ્છાએ ૫૦ સ્વયંસેવકોએ સેવા આપી હતી.
૪. ૫૭૫ પાટણના યાત્રિકોએ પટણી કેવા શિસ્ત છે તે સાબિત કર્યું છે. વિરાયતનમાં તો રહેઠાણ નિવાસથી જમવા જવાના મંડપ સુધી અંદર કેમ્પસમાં ઈ-રીક્ષાની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી હતી, આટલી બધી કાળજી રાખવામાં આવી તે ખૂબ જ પ્રસંશાને પાત્ર છે.
૫. બસ રસ્તમાં રોકવી પડે ત્યારે વરિષ્ઠ નાગરિકોને સાચવીને હાથ પકડી બસમાં ચઢાવતા અને ઉતારતા જોઈને આનંદ થાય કે પટણીઓમાં વડીલોએ સંસ્કારના અમૂલ્ય બીજ રોપેલ છે તે દેખાય છે.
૬. જમવાની લાઈનમાં વડીલ-વરિષ્ઠ નાગરિકોની પ્લેટ લઈને વિનંતી કરી યોગ્ય સ્થાને બેસવાની સુવિધા કરી આપતા.
૭. ટાંગામાં એક પટણી બીજા પટણીને બોલાવી સાથે ટાંગામાં લઈ જતાં.
૮. લચ્છવાડમાં ૫-૯-૧૧ની સંખ્યામાં ડુંગર ઉપર ગાડીમાં જવા આવવા માટે એક બીજાને બોલાવીને યાત્રા કરતા.
૯. આપણી સમેતશિખરજી યાત્રામાં ઘણા પહેલીવાર આવ્યા હશે પણ એ લોકોને એવું નથી લાગ્યું કે એમનું ધ્યાન નથી રાખવામાં આવ્યુ સવારનાં બ્રેકફાસ્ટથી લઈને સાંજના ચૌવિહાર સુધીના ચાર ટાઈમ દરરોજ નિતનવી વાનગીઓનો વિવિધ પકવાનો સાથેનો રસથાળ, ભાવતા ભોજન માણવા મળ્યા છે, દરિયાદિલ પૂર્વક સહુએ આસ્વાદ માણ્યો છે.
૧૦. પાટણના જુદા જુદા મહોલ્લા અને મુંબઈમાં જુદી જુદી જગ્યામાં રહેતા આ ૫૭૫નો કાફલો પહેલા દિવસથી આ એક મોટુ પટણી પરિવાર બનીને રહ્યું છે તેનો સર્વેને ગૌરવ છે.
૧૧. આ યાત્રાની વિશેષતા જુના સંબંધો ફરી તાજા થયા અને સાથે નવા સંબંધો બંધાતા ગયા.
૧૨. આખી યાત્રા પ્રવાસની દૈનિક કાર્યક્રમની માહિતી ફોટા સાથે દરેક યાત્રિકોને ચોપડી અગાઉથી આપવામાં આવી હતી તેની પ્રસંશા કરીએ તેટલી ઓછી છે.

આ અનોખી યાત્રા ગતિશીલ મંડળના પ્રમુખ, દિલદાર દાનવીરો, ચિવટ પૂર્વક આયોજકો, મહેનતું સ્વયંસેવક, આપ સર્વે ૫૭૫ યાત્રિકોને સ્વાદિષ્ટ ભોજન પીરસનાર કેટરસના સંગમથી જ આ અદભૂત, અવિસ્મરણીય યાત્રા પ્રવાસ શ્રી પાટણ જૈન મંડળના ૧૧૨ વર્ષના ઈતિહાસમાં જરૂરથી સોનેરી અક્ષરમાં લખાશે.

આ યાત્રા દરમ્યાન આનાથી પણ વધારે સકારાત્મક લાભો હશે, જે મારાથી અજાણતા રજુ કરવા રહી ગયા હશે તો આપ સર્વ મને માફ કરશો એવી હૃદયપૂર્વક નમ્ર વિનંતી.

**પંકજભાઈ ગુલાબચંદ શાહ**
**કનાસાનો પાડો (સાંતાક્રુઝ - પશ્ચિમ)**

**પ્રણામ,**

દેવ ગુરુ ધર્મની કૃપાને કારણે આપની સહુની યાત્રા બહુજ સારી રીતે પૂર્ણ થઈ. શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ શ્રી દાનેશભાઈ અને બીજા બધાજ હોદ્દેદારોની ખૂબ ખૂબ અનુમોદના. બધાજ કાર્યકર્તાઓએ ખડે પગે કામ કર્યું છે એમની પણ અનુમોદના. બધાજ ડોનરોની પણ ખૂબ ખૂબ અનુમોદના. ત્રણે ટાઈમ જમવામાં એક પણ વસ્તુની કચાશ રાખી નથી. બહુજ સારી રીતે જમવાની વાનગીઓ હતી. બીજું કે તિર્થ સ્થાન ઉપર બધાએ રાત્રિભોજન ના કર્યું ને ભગવાનની આજ્ઞા પાળવામાં આવી એની પણ ખૂબ ખૂબ અનુમોદના. આ યાત્રા આપના સહુની કર્મની નિર્જરા બને.

આ યાત્રા આપના જીવનના સંભારણા બની રહેશે.

**શ્રી ચેતનભાઈ લલિતભાઈ શાહ**

---

- પાટણ મંડળના પ્રમુખ શ્રી દાનેશભાઈના નેતૃત્વ હેઠળ શ્રી સમેતશિખરજીનો યાત્રા પ્રવાસ દરેક પટણીઓ માટે યાદગાર રહેશે.
- શ્રી દાનેશભાઈ, શ્રી દેવેશભાઈ, શ્રી ભાવિકભાઈ, વર્ષીતપના તપસ્વી શ્રી જીગરભાઈ જેવા દિગ્ગજોની ટીમ, ૧૦ દાનવીર ડોનરો અને ૪૦ કાર્યકર્તા દરેક લોકોની મહેનતને લીધે આ યાત્રા પ્રવાસને ભવ્યાતિભવ્ય સફળતા મળી છે. સર્વેની ખૂબ ખૂબ અનુમોદના.
- જેમ મા-બાપ પોતાના સંતાનને બહાર ફરવા લઈ જાય ત્યારે નાનામાં નાની બાબતનું ધ્યાન રાખે છે અને ક્યાંય કતલીફ ના પડે અને સંતાન ને બેસ્ટ આપવાનો પ્રયાસ કરે છે એમ અહીં પણ શ્રી દાનેશભાઈએ સમાજના લોકોને પટણી પરિવાર સમજીને દરેક બાબતનું ખૂબ જ સુંદર આયોજન કર્યું હતું. ફ્લાઈ થી લઈને ધરમશાળા, હોટેલ, એસીબસ, એસી રૂમ, ફુડ પેકેટ, કેટરીંગ, પોર્ટર વોટર, મેડિકલ કીટ, આટલી ઝીણવટભર્યુ ધ્યાન રાખવા બદ્દલ જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે.

  શ્રી દાનેશભાઈ, શ્રી દેવેશભાઈ નાની ઉંમરના લોકો માટે તમે મા-બાપ બની અનો મોટી ઉંમરના લોકો માટે તમે દીકરા બનીને ફરજ બજાવી અને છેક સુધી સાથે રહ્યા. છેલ્લે ભાવિકભાઈ દરેક બસમાં પોતે આવીને કહી ગયા કે મુંબઈ પહોંચીને સહુ મેસેજ કરી દેજો. આટલી લાગણી, ચીંતા, સાર-સંભાળ તો કોઈ પોતાના સમજીને જ કરે.
- ૬૦૦ લોકોને આટલી સરસ, સુખરૂપ જાત્રા કરવાનો પહેલો શ્રેય શ્રી જનકભાઈને જાય છે જેમણે આ પ્રવાસ કરવાનું બીડુ ઝડપ્યું હતું. એમની ઈચ્છા પૂરી કરવા ભાવિનીબેન પણ એટલા જ સક્રિય રહ્યા છે. દરેક યાત્રાળુઓ એમના તથા એમના પરિવારના આજીવન આભારી રહેશું.
- પટણી પરિવારે સમેતશિખરના જેમ દરેક શિખરો સફળતા પૂર્વક, નિર્વિઘ્ને સર કર્યા એમ અમારી દિલથી દુઆ તેમજ શુભ કામના છે કે દાનેશભાઈના પાટણ સમાજ માટે જે કાંઈ પણ વિઝન અને મિશન છે, એ દરેક પ્રોજેક્ટ એના શિખર સુધી જરૂરથી પહોંચશે. એના માટે અમે સાથ સહકાર આપવા હંમેશા તત્પર રહેશું.

**શ્રીમતી શિતલ ભાવેશભાઈ શાહ (મીરારોડ)**

---

શ્રી પાટણ જૈન મંડળ આયોજિત શ્રી સમેતશિખરજી યાત્રા પ્રવાસ એટલે શ્રી જનકભાઈના હૃદયની અંતિમ શ્વાસ સુધીની જહેમત, પ્રમુખશ્રી દાનેશભાઈ માટલીવાળાની દિવસ રાતની એક જ લગીની મારા પટ્ટણી મારો સમાજ એક સાથે જાત્રા કરે અને ૧૦ લાખના ૧૦ ડોનરની ઉદારતા કાર્યકર્તાઓની અવિરત જહેમત ટીમવર્કથી જ શ્રી સમેતશિખરજી તીર્થ યાત્રા એક ઐતિહાસિક, અકલ્પનિય, અવર્ણીય, અવિસ્મરણીય, અદભુત, સફળ અને સહુ કોઈ માટે જીવનભરનું એક યાદગાર સંભારણું બની રહ્યો.

૧. પાટણ સમાજમાં ફ્લાઈટ ટુ ફ્લાઈટ યાત્રાનું પ્રથમવાર ગૌરવ શ્રી પાટણ જૈન મંડળને જ જાય છે.
૨. ૬૦ વર્ષથી ઉપરના સિનિયર સિટીઝન યાત્રિક ૫૫ ટકા
૩. જીવનમાં સર્વપ્રથમવાર વિમાનનો પ્રવાસ કરનાર ૩૦ ટકાથી વધારે.
૪. સર્વપ્રથમવાર સમેતશિખરજી યાત્રા કરનાર ૪૦ ટકાથી વધારે.
૫. શ્રી ચંદ્રપ્રભુ સ્વામી ટૂક અને શ્રી પારસનાથ ટૂક કરનારા ૭૦ ટકાથી વધારે.
૬. સહુથી નાના ૩ મહિનાના બાળકથી ૯૩ વર્ષના વડીલ યાત્રિકોએ એક સાથે યાત્રા કરી.
૭. જીવનમાં એકલા વિમાનની મુસાફરી કરીને બોર્ડીંગ પાસથી સિક્યુરીટી ચેકીંગ સુધા એકલાએ જાતે કરવાનો એક નવો આત્મવિશ્વાસ મેળવનારા ૬૦ ટકા.
૮. ૧૪ એસી વોલ્વો બસ ૨X૨ અને ૩૧ કારનો વિરાટ કાફલો.
૯. વાલકેશ્વરથી વિરાર લક્ષ્મીનંદનથી સામાન્ય વર્ગના સમાજના તમામ લોકો એક સમાજ એક પરિવારની ભાવના સાથેનો યાત્રા પ્રવાસ સાથે લાગણી - પ્રેમનો સેતુ સર્જાયો.
૧૦. વર્ષીતપ, ચોવિહાર ઉપવાસ, એકાસણા, બિયાસણા, આયંબીલના તપસ્વીઓએ પણ સંપૂર્ણ ટૂકની યાત્રા કરી.
૧૧. કોઈપણ ઈવેન્ટ મેનેજમેન્ટ ટીમ વિના ફક્ત સમાજના જ કાર્યકરો શ્રી દેવેશભાઈ, શ્રી ભાવિકભાઈ અને વર્ષીતપના તપસ્વી શ્રી જીગરભાઈ દ્વારા ખૂબ સફળતા પૂર્વકનું આયોજન.

૧૨. લોકો વર્ષોના વર્ષ પછી બાળપણના મિત્રોને મળ્યા બાળપણની યાદો પાછી મળી જાણે એક સાથે પાટણમાં ફરી મહાલતા હોઈએ તેવો આત્મીય અનુભવ કર્યો.

૧૩. હૈયામાં હામ, હાથમાં જ જશ, હોઠમાં મીઠાશ, હર કોઈના લાડીલા એવા પ્રમુખ શ્રી દાનેશભાઈએ મીઠાઈ અને આઈસક્રિમની બાધા રાખી કે મારો સમાજ નિર્વિઘ્ને જાત્રા કરી શકે. પરમાત્માના આશીર્વાદ સફળતા મળી.

૧૪. શ્રી જનકભાઈની દેવલોકમાંથી પરોક્ષ રૂપે હાજરી જાણે કે સંઘ રક્ષક બનીને સતત આપણી સાથેને સાથે જ હતા.

*અમીરી હોય કે હોય ચતુરાઈ, પટ્ટણીની સદા હોય ખુમારી*
*શેત્રુંજય હોય કે સમેતશિખરજી, પટ્ટણીઓની યાત્રા હોય સદા અગ્રેસર.*

**શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ (ભાયંદર)**

---

પરોઢના પ્રથમ પ્રહરે, પ્રભુ પાર્શ્વનાથ પરમાત્માની પવિત્રતાને સ્પર્શવા, યાત્રાળુનો ઉમટેલો જુવાળ, લીલી વનરાજી વચ્ચે અતિ સાંકડી કેડીને કપરા ચઢાણ... જય જય શ્રી પાર્શ્વનાથને હૃદયના ભાવથી પોકાર...

એ અવિસ્મરણિય ક્ષણે, એ અંતરને અજવાળતી આનંદની લહેરો... ઈતિહાસમાં એક સોનેરી પાને એ સોનેરી ઘટનાને કંડારવાનો શ્રેય શ્રી પાટણ જૈન મંડળની મહિનાઓની અથાક મહેનત બાદ સફળ થયો.

*દાતાઓના દાન...*
*ટ્રસ્ટીઓના મક્કમ નિર્ધાર...*
*સ્વયંસેવકનો સેવા ભાવ...*
*ઓફિસ કર્મચારીઓની કાર્યસૂઝ...*
*ને યાત્રાળુઓની પરમ શ્રદ્ધા...*

હજુ આજેય હૃદયથી વિસરતી નથી. ફરીફરી આવી યાત્રાનાં આયોજનની રાહ જોવી ગમશે.

**શ્રીમતી શીલા શાહ (લીમડીનો પાડો)**


ફેબ્રુઆરી - ૨૦૨૪, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન: (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ કાર્યાલય:- ૪૧૦, રોક્ષી ચેમ્બર, (જ્વેલ બિલ્ડીંગ), ચોથે માળે, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭

મુંબઈ: શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬

| | |
|---|---|
| શ્રી મારફતિયા મહેતાના પાડાના પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે (મારફતિયા મહેતાનો પાડો, પાટણ) | ૧,૫૧,૦૦૦ |
| શ્રી સુરેશચંદ્ર કે. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ (લખિયારવાડો, ભાવનગર) | ૧,૦૮,૦૦૦ |
| M/s. Nax Par Pharma P. Ltd. | ૧,૦૧,૦૦૦ |
| શ્રી કેશવલાલ કીલાચંદ શાહ પરિવાર (કુંભારીયા પાડો) | ૧,૦૦,૦૦૦ |
| શ્રી મુંબઈ જીવદયા મંડળી (એલીસ બ્રીજ, અમદાવાદ) | ૭૫,૦૦૦ |
| શ્રીમતી ભદ્રાબેન નરેશચંદ્ર ઝવેરી, (ચોધરીની શેરી, પાર્લા) | ૫૧,૦૦૦ |
| શ્રી શ્વે. મૂ. જૈન સંઘ (અંધેરી) | ૫૧,૦૦૦ |
| શ્રી વર્માનગર શ્વે. મૂ. જૈન સંઘ, (અંધેરી) | ૫૧,૦૦૦ |
| ક્રાઉન ફેરો એલોઈઝ પ્રા.લિ. (મકરપુરા, વડોદરા) | ૫૦,૦૦૦ |
| સ્વ. શ્રી સ્મીતાબેન પ્રદિપભાઈ મોહનલાલ શાહ પરિવાર (મુંબઈ) | ૪૨,૦૦૦ |
| M/s. C.J. Shah & Co. Mumbai | ૩૭,૦૦૦ |
| શ્રીમતી આશાબેન પંકજભાઈ ચોક્સી (ડંકમહેતાનો પાડો, પાર્લા) | ૩૧,૦૦૦ |
| શ્રીમતી પંકજભાઈ મફતલાલ ચોક્સી (ડંકમહેતાનો પાડો, પાર્લા) | ૩૧,૦૦૦ |
| શ્રી લીમડીના પાડાની વર્ષગાંઠ નિમિત્તે (લીમડીનો પાડો, પાટણ) | ૨૭,૦૦૦ |
| શ્રી સુરેશભાઈ ચીમનલાલ ચોક્સી (ઝવેરી વાડો) (હ. શ્રીમતી વિણાબેન સુરેશભાઈ ચોક્સી) | ૨૫,૦૦૦ |
| શ્રીમતી નીરુબેન બાપુલાલ શાહ (કોકાનો પાડો, કાંદિવલી) (પાર્થ-જીનશ્રીના લગ્ન પ્રસંગ નિમિત્તે) | ૨૫,૦૦૦ |
| શેઠ. જીવણદાસ ગોડીદાસ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ (પાલડી, અમદાવાદ) | ૨૫,૦૦૦ |
| શ્રીમતી બીનીતાબેન તુષારભાઈ શાહ (ખજુરીનો પાડો, મરીનડ્રાઈવ) | ૨૩,૭૬૦ |
| શ્રી શાંતિ ફાઉન્ડેશન (નેપયન્સી રોડ) | ૨૧,૦૦૦ |
| શ્રીમતી રેશ્માબેન અંશુલભાઈ શાહ (અમન, અહાન, અમાયા) | ૧૫,૦૦૦ |
| શ્રીમતી અલ્પાબેન નિશિતભાઈ કોઠારી (અમન, અહાન, અમાયા) | ૧૫,૦૦૦ |
| શ્રી અતુલભાઈ જયંતિલાલ સફરી (ગોદડનો પાડો, અંધેરી) | ૧૧,૦૦૦ |
| શ્રી સંજયભાઈ મનહરલાલ સાંડેસરા (અબજી મહેતાનો પાડો) (ભારતીબેન મનહરલાલ સાંડેસરાના સ્મરણાર્થે) | ૧૧,૦૦૦ |
| શ્રી અશ્વીનભાઈ મહાસુખલાલ શાહ (લખિયારવાડો, પાર્લા) | ૧૧,૦૦૦ |
| શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહ (મરીનડ્રાઈવ) | ૧૧,૦૦૦ |
| શ્રી પરાગભાઈ પ્રવિણચંદ્ર શાહ (નિશાળનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી અલ્પાબેન પરાગભાઈ શાહ (નિશાળનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી કલ્યાણવર્ધક શ્વે. મૂ.જૈન.સંઘ. (શંકરગલી, કાંદિવલી) | ૧૧,૦૦૦ |
| શ્રી શ્રી ધીરેનભાઈ જે. શાહ (લીમડીનો પાડો, તારાબાગ) | ૧૧,૦૦૦ |
| સ્વ. ધનલક્ષ્મીબેન નવિનચંદ્ર શાહના સ્મરણાર્થે (વખતજીની શેરી) (હ. શ્રી સુનીલભાઈ) | ૧૧,૦૦૦ |
| શ્રી કેયુરભાઈ નિરંજનભાઈ શાહ (કસુંબીયાવાડો, અંધેરી) | ૧૧,૦૦૦ |
| શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ શાહ (પુના કેમ્પ) પુના | ૧૦,૦૦૦ |
| પ્રેમ નયન પરિવાર (સાંચોર) | ૧૦,૦૦૦ |
| શ્રી હંશાબેન કુમારપાલભાઈ શાહ (મુંબઈ) | ૧૦,૦૦૦ |
| શ્રી ભરતભાઈ સારાભાઈ શાહ અને શ્રી હર્ષદભાઈ નિતિનભાઈ ચોક્સી (બોમ્બે ટુલ્સ, મુંબઈ) | ૧૦,૦૦૦ |

ADVT

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

## સંસ્થા સમાચાર

### શ્રી પાટણ પાંજરાપોળ

શ્રી પાટણ પાંજરાપોળની માલિકીની ભૈરવ ખાતે આવેલી જમીનનો કબજો આપણને મળ્યો છે તેમાં સેવાભાવી વકીલ શ્રી અરવિંદભાઈ દરજી, પાટણના શ્રી અલ્પેશભાઈ, શ્રી ધીરુભાઈ, શ્રી દિપકભાઈ મોદી, શ્રી દિપકભાઈ પ્રજાપતી વિગેરેએ તેમની વગ વાપરીને આ કાર્ય પુર્ણ કર્યું છે તે અનુમોદનીય છે અને આ કાર્યમાં મુંબઈ સ્થિત શ્રી ભુપેન્દ્રભાઈ મફતલાલ શાહ (CA)ચોધરીની શેરી જહેમત ઉઠાવીને સરકાર પાસેથી આનો કબજો કાયદેસર રીતે મેળવ્યો હતો. તેમની અનુમોદના.

* * * * * * * * * * *

### પાટણના ભાઈઓને નમ્ર વિનંતી

પાટણના ભાઈઓ જાગો પાટણના દેરાસરો બચાવવાના છે. આપના ઘરો જૈનો સિવાય કોઈને વેચવા નહીં.

રાજકાવાડાના મહોલ્લામાં અન્ય જ્ઞાતિના લોકો મોટી સંખ્યામાં આવી ગયા છે. તે આપ સહુ જાણોજ છો. લખિયારવાડામાં ૫ દેરાસરો છે, ઘણા ઘરો વેચાઈ ગયા છે. મલ્લાતના પાડામાં મલ્લિનાથદાદાનું દેરાસર છે ત્યાં પણ મોટા પ્રમાણમાં ઘરો અન્ય જ્ઞાતિને વેચાઈ ગયા છે. નિશાળની પોળમાં અને અબજી મહેતાના પાડામાં પણ તેઓ ઘર મેળવવા મહેનત કરે છે. ત્યાં હવે એકપણ જૈન ભાઈ નથી. અશાંતધારો લાગુ થાય તો આપણા ભાઈઓ કલેક્ટર સાહેબના ઓર્ડર વગર અન્ય જ્ઞાતિને ઘર વેચી શકે નહીં. પાટણના સર્વ ભાઈ-બહેનોને નમ્ર વિનંતી છે કે આપણે - આપણા દેરાસરો અને મહોલ્લાઓને બચાવવાના છે માટે પોતાના ઘરો અન્ય કોઈને વેચવા નહીં તેમ મારી દરેકને વિનંતી છે.

સમજુ અને જ્ઞાની લોકોને બહુ ઉંડાણમાં સમજાવવાની જરૂર નથી. ઈશારામાં સમજી જશો.

મુખ્ય હેતું પાટણ નગરી, જૈનો અને જિનાલયો તથા જૈન ધર્મને રક્ષણ આપવા માટે વિનંતી છે.

**- શ્રી ભુપેન્દ્રભાઈ મફતલાલ શાહ (CA) (ચોધરીની શેરી)**

---

### મલાડ કાંદિવલી પાટણ જૈન મિત્ર મંડળનો આગામી કાર્યક્રમ

શુક્રવાર, તા. ૨૭-૦૯-૨૦૨૪થી સોમવાર સવારે તા. ૩૦-૦૯-૨૦૨૪ કુંભોજગીરી, કલશ મંદિર શીરોલી યાત્રા પ્રવાસ મલાડ-કાંદિવલીમાં રહેતા પાટણના પરિવારો માટે ફક્ત રૂા. ૭૦૦/- વ્યક્તિ દીઠ.

સંઘપતિ : માતુશ્રી ભાનુબેન સુરેશચંદ્ર હિંમતલાલ શાહ પરિવાર (ખેતરવશી-શામળાજીની શેરી)
શ્રી મિતેશભાઈ, અજીશાબેન, કલ્પ, હિંમાશુભાઈ-જલ્પાબેન, પ્રથમ રીનાબેન-જીગરકુમાર, વંશ

---

તા. ૬ માર્ચ ૨૦૨૪, બુધવારના રોજ **સૌરભ લેડીઝ ક્લબ, વિલેપાર્લા (વે),** દ્વારા આયુષ રિસોર્ટ ખાતે વન-ડે પિકનીકનો કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો. વિવિધ પ્રકારની ગેમ્સો રમવાનો આનંદ માણ્યો તથા રિસોર્ટમાં આવેલ પેલેસની મુલાકાત લીધી. ત્યાં બહેનોએ સેલ્ફી લઈને ખૂબ આનંદ માણ્યો હતો.

---

તા. ૫ એપ્રિલના શુક્રવાર રોજ ડૉ. બાલાભાઈ નાણાવટી હૉસ્પિટલ ખાતે બપોરના ૩ થી ૪ દરમ્યાન એક **મેડિકલ સેમિનાર કેન્સર** વિષય પર આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સભ્ય બહેનો તથા અન્ય બહેનોને પણ ઉપસ્થિત રહેવા આમંત્રણ છે. તારીખની નોંધ લેવા વિનંતી છે. સેમિનાર નિઃશુલ્ક રાખવામા આવેલ છે.

---

**શ્રી ઢંઢેરવાડા મહોલ્લાની** પાછલા ૩૫ વર્ષથી જળવાઈ રહેલ દર પાંચ વર્ષે પંચાનિહકા મહોત્સવ ઉજવવાની પરંપરા અનુસાર આ વખતે પણ ડિસેમ્બર ૨૦૨૩માં ઉજવવામાં આવેલ. આ વખતના મહોત્સવની વિશેષતા, જૈન ધર્મના અત્યંત પવિત્ર ૪૫ આગમ વધામણા અને પૂજનના પ્રસંગ હતા. ૨૫-૧૨-૨૦૨૩ બપોરે વાજતે ગાજતે પંચાસર મંડપમાંથી મહેલ્લામાં પધરામણી કરાવી અને ૨૬-૧૨-૨૦૨૩ના વરઘોડામાં બધાજ આગમ અને વિશેષ રૂપે પાંચમું આગમ શ્રી ભગવતી સૂત્ર હાથીની અંબાડી પર લઈને પાટણના રાજમાર્ગો પર ફેરવવામાં આવેલ અને નગરજનોને દર્શનનો અવસર પ્રદાન કરવામાં આવ્યો હતો. આ ધાર્મિક પ્રસંગમાં ખાસ મુંબઈથી BJSM બેન્ડ પધારેલું, વરઘોડામાં ૧૦૦૦ ગળી બુંદીના પેકેટો અનુકંપા દાન પેટે પાટણના નગરજનોને વહેંચવામાં આવેલા, સોનામાં સુગંધ મળે એમ મહોલ્લાના ભાઈઓ તથા બહેનોએ પાટણમાં પ્રાય દરેક ઉપાશ્રયમાં મહાત્માઓની વૈયાવચ્ચ કરી ઉપદિઓ પણ વ્હોરાવવાનો લાભ લીધો હતો. નાના બાળકો પણ પાંજરાપોળ જઈને જીવોને લાડવા-ઘાસનું જમણ કરાવેલું.

આમ મહોત્સવ રંગે ચંગે ઉજવી પૂર્ણાહિતી કરી હતી. **લિ. ટ્રસ્ટી ગણ**

## સંસ્થા સમાચાર



પાટણના જિલ્લા કલેક્ટર શ્રી અરવિંદભાઈ વિજયભાઈ અને તેમના ધર્મપત્ની તા. ૧૮ જાન્યુઆરી ૨૦૨૪ના દિવસે વિશ્વપ્રસિદ્ધ **શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાન ભંડારની** મુલાકાતે પધાર્યા હતા **જ્ઞાન ભંડારના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી યતિનભાઈ વી. શાહ** તેમજ સ્ટાફ દ્વારા માનનીય કલેક્ટરશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્ઞાન ભંડારમાં સંગ્રહીત પ્રાચીન હસ્તલેખન કલાની સામગ્રીનું મ્યુઝિયમ સુવર્ણ અને રજત શાહીથી લખાયેલી પ્રાચીન હસ્તપ્રતો તેમજ પાટણના ગૌરવ સમાન સુવર્ણ શાહીથી ૧૪માં સૈકામાં લખાયેલ કલ્પસૂત્રની સચિત્ર હસ્તપ્રત નિહાળી કલેક્ટરશ્રી અત્યંત અભિભૂત થયા હતા. તેમજ જ્ઞાન ભંડારમાં વૈજ્ઞાનિક ઢબે થતી હસ્તપ્રતોની જાળવણી અને સાચવણીની મુક્ત કંઠે પ્રસંશા કરી હતી.

જ્ઞાન ભંડારમાં સદીઓથી સચવાયેલી હસ્તપ્રતોના વ્યાપક સંશોધન અને સંવાહન દ્વારા આ જ્ઞાન લોકભોગ્ય બને તેમ જ વિશેષ કરીને આયુર્વેદ વિષયની પ્રાચીન હસ્તપ્રતોમાં સંગ્રાહાયેલું જ્ઞાન જન આરોગ્ય અને સુખાકારી માટે ઉપયોગી બને તે માટે સરકાર શ્રી અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા રિસર્ચની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે તેવો અનુરોધ જ્ઞાનમંદિર વતી શ્રી યતીનભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે પાટણના ભંડારમાં આયુર્વેદ વિષયની અંદાજે ૨૦૦૦ જેટલી હસ્તપ્રતો સચવાયેલી છે ગ્રંથ ભંડારની સૌથી પ્રાચીન હસ્તપ્રત મહાકવિ મંમ્મટ દ્વારા રચિત કાવ્યપ્રકાશ નામનો ગ્રંથ સંવત ૧૦૮૦માં લખાયેલો છે મહાકવિ કાલિદાસ રચિત અભિજ્ઞાન શાકુંતલની વિશ્વની સૌથી પ્રાચીન હસ્તપ્રત પાટણના ભંડારમાં સચવાયેલી છે. સમગ્ર પશ્ચિમ ભારતમાં દુર્લભ એવી કેનવાસ ઉપર લખાયેલી ૧૪માં સૈકાની બે હસ્તપ્રતો અહીં સચવાયેલી છે. ગ્રંથોની પ્રાચીનતા અને તેની ઐતિહાસિક મૂલ્યના સંદર્ભમાં પાટણનો ભંડાર અતિ મહત્વનો છે.

૨૬મી જાન્યુઆરી ૨૦૨૪ પ્રજાસત્તાક દિવસની પાટણ જિલ્લામાં થયેલ વિશેષ ઉજવણી દરમ્યાન શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરની પ્રાચીન વિરાસતોના કોન્ઝર્વેશનની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ શ્રી યતિનભાઈ વી. શાહનું ગુજરાત રાજ્યના કેબીનેટ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

## મનઝરૂખો

કાવ્ય સર્જનને માટે સઘળુ ત્યજીને કલમને ખોળે જીવવાનો ભેખ ધારણ કરનાર ઈટાલિયન કવિ રોઝિલી પાસે આજીવીકાનું અન્ય કોઈ સાધન ન હતું. એની કવિતા પ્રસિદ્ધ થાય ત્યારે સામાયિકો નજીવો પુરસ્કાર આપતા અને ઘણા વર્ષો પછી તૈયાર થયેલો કાવ્યસંગ્રહ વેચાય તો એમાંથી નજીવી રોયલ્ટી મળતી હતી. આટલી ટૂંકી આવક પર એ ગુજરાત ચલાવતો હતો.

ઈટાલીના આ કવિને ક્યારેક એક ટંક ભોજન કરીને દિવસ પસાર કરવો પડતો હતો તો ક્યારેક અતિ અલ્પ ભોજનથી ચલાવી લેવું પડતું હતું. આ કવિની કવિતાએ યુરોપને ઘેલુ લગાડ્યુ હતું અને તેથી જ તેમની ખ્યાતિ જુદા જુદા દેશોમાં પ્રસરેલી હતી.

રોઝિલી ફ્રાન્સના પ્રવાસે ગયા અને એ સમયે ફ્રાન્સની કલા શોખીન પ્રજાઓ આ કવિના અભિવાદન માટે એક નવીન યોજના કરી. એમણે નગરના વિશાળ ઉદ્યાનમાં કવિની પ્રતિમાં પ્રસ્થાપિત કરવાનું નક્કી કર્યું આને માટે જરૂરી ભંડોળ પણ એકત્રિત કર્યું અને કવિની પ્રતિમાં તૈયાર કરવાનું કામ હાથ ધર્યું.

કવિને જ્યારે આ વાતની ખબર પડી, ત્યારે એમણે સન્માન સમિતિના પ્રમુખને બોલાવ્યા અને પૂછ્યું, ‘તમે તમારા આ કવિની પ્રતિમાં પાછળ કેટલા ફ્રેન્ડ ખર્ચ કરવા ઈચ્છો છો ?’

પ્રસંશકોએ કહ્યું, ‘અમારે ભવ્ય પ્રતિમાં બનાવવી છે કારણ કે આપની કવિતાએ અમને જીવનમાં અવર્ણનીય આનંદ આપ્યો છે. લગભગ નેવું લાખ ફ્રેન્ડ થશે.’

આ સાંભળી રોઝિલી ગંભીર થઈને બોલ્યો, ‘અરે મિત્રો તમારી કલા રસિકતાને હું દાદ આપું છું, પરંતુ તમે મને માત્ર પિસ્તાલિસ લાખ ફ્રેન્ડ આપો તો ય પ્રતિમાને સ્થાને હું ખુદ જોડાઈ જવા તૈયાર છું.’

પ્રસંશકોએ માન્યું કે, કવિ તો મજાક કરે છે, તેથી તેમની વાત પર ધ્યાન આપવાને બદલે હસી કાઢી.

કવિ મનોમન બોલી ઉઠયા, ‘આ તે વિધિની કેવી વક્રતા! મને પેટ પૂરતું ખાવા મળતું નથી અને મારા ચાહકો મારી પ્રતિમાની પૂજા માટે પારાવાર ધન ખર્ચી રહ્યા છે.’

## અભિનંદન



પાટણ શાંતિનાથની પોળ, સાયન રહેતા શ્રી પાટણ જૈન મંડળના આજીવન સભાસદ **શ્રી નિમેશભાઈ દિનેશભાઈ શાહની** મહારાષ્ટ્ર સરકારે **SEO** તરીકે નિમણૂક કરેલ છે તે બદલ અભિનંદન. તેઓ **Attestation** માટે મદદરૂપ થઈ શકે છે.

### શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ

**પંડિત રાજુભાઈ છેડા** પાટણ સ્થિત શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ તરફથી તા. ૯ માર્ચ ૨૦૨૪ના 'પ્રાકૃત કથા સાહિત્ય-પ્રાચીન ભારત કી ધરોહર' વિષય પર ગુજરાત સાહિત્ય એકેડમી, ગાંધીનગર દ્વારા યોજાયેલ સેમીનારમા ભાગ લીધો હતો જેમાં તેમને શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ મળેલ છે તે બદલ અભિનંદન.







શ્રી મુંબઈ જૈન પત્રકાર સંઘ દ્વારા શ્રીમતી રૂક્ષમણિબેન દીપચંદ ગાર્ડી એવોર્ડ **શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ** (કનાસાનો પાડો, વિલેપાર્લા)ને પ્રથમ એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

શ્રી મુંબઈ જૈન પત્રકાર સંઘ દ્વારા **શ્રી જ્ઞાનેશભાઈ જયચંદ લાપસિયાને** શ્રેષ્ઠ કાવ્ય માટે જેઠીબેન ચીમનલાલ મુલચંદ શેઠ ટ્રસ્ટ એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

### શ્રી પાટણ જૈન મંડળ, મુંબઈના અગ્રણીઓની પાટણ વિકાસ પરિષદે શુભેચ્છા મુલાકાત લીધી પાટણથી મુંબઈની સીધી ટ્રેનની માંગણી કરવાની ચર્ચા કરાઈ.



શ્રી પાટણ જૈન મંડળ મુંબઈના પ્રમુખ શ્રી દાનેશભાઈ વી. શાહ, ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ, પાટણ આવતા પાટણના પી.કે. અતિથિગૃહમાં પાટણ વિકાસ પરિષદના હોદ્દેદારો દેવજીભાઈ પરમાર, હર્ષદભાઈ ખમાર યતીનભાઈ ગાંધી અને રાજેશભાઈ સોનીએ તેમની શુભેચ્છા મુલાકાત લીધી હતી. પાટણ વિકાસ પરિષદની સાથે પાટણના જૈન અગ્રણી ધીરુભાઈ શાહ પણ જોડાયેલ. પાટણ વિકાસ પરિષદે મુંબઈની ખુબજ પ્રતિષ્ઠિત સંસ્થા ને પાટણના રેલવેના પ્રશ્નો બાબતે વિકાસ પરિષદે કરેલ પ્રયાસોથી વાકેફ કરેલ. પાટણ વિકાસ પરિષદ તે ખાસ કરીને મુંબઈથી પાટણની સીધી ટ્રેન શરુ કરવા પાટણ જૈન મંડળ મુંબઈના પ્રયાસો કરવા વિનંતી કરી હતી.

શ્રી દાનેશભાઈએ આ મુલાકાત દરમિયાન પાટણ જૈન મંડળ મુંબઈ દ્વારા, અમદાવાદથી મુંબઈ જતી 'લોકજનશક્તિ ટ્રેન'ને પાટણ સુધી લંબાવવા પાટણ જૈન મંડળ દ્વારા રેલવે તંત્ર સમક્ષ ભારપૂર્વક માંગણી કરી હોવાની માહિતી આપી હતી. શ્રી દાનેશભાઈએ ઐતિહાસિક સાંસ્કૃતિક નગરી વર્લ્ડ હેરિટેજ રાણકીવાવ અને વિશ્વ વિખ્યાત પટોળા જોવા દેશ-વિદેશથી પ્રવાસીઓ આજે આવી રહ્યા છે, પાટણ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પણ વડુ મથક છે, પાટણ જૈન યાત્રાધામ હોવાના કારણે અને નજીકમાં શંખેશ્વર જૈન યાત્રાધામ હોવાથી સુરત, મુંબઈ વિગેરે સ્થળોએથી ખુબ મોટી સંખ્યામાં યાત્રિકો પણ આવી રહ્યા છે ત્યારે પાટણથી મુંબઈની સીધી ટ્રેનની આજે ખુબજ આવશ્યકતા હોવાનું જણાવેલ.

આ માટે જરૂર પડે પાટણ જૈન મંડળ મુંબઈ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને રેલમંત્રી સમક્ષ વિકાસ પરિષદની સાથે રાખી ભારપૂર્વક રજૂઆત કરવાની ખાતરી આપેલ. દાનેશભાઈએ પાટણ જૈન મંડળ દ્વારા મુંબઈ અને પાટણમાં હેલ્થ અને શિક્ષણના હાથ ધરેલ અનેક પ્રોજેક્ટોની વિસ્તૃત માહિતી પણ આપી હતી.

# પુષ્પ તો ખરે જ ને ?

સાંજના ઓફિસેથી ઘરે આવીને અનુજના નિર્ણયનો સખત વિરોધ કરતાં અંજુએ કહ્યું; ''મને તમારો નિર્ણય માન્ય નથી. આપણો એકનો એક દીકરો ફોજમાં ભરતી થાય તે મને માન્ય નથી.'' પણ બે બે યુદ્ધમાં વીરતા બતાવીને નિવૃત્ત થયેલા રણજિતસિંહે પોતાની પુત્રવધુને એકજ વાત કહી, ''ભલે દીકરો એક હોય કે બે ત્રણ, પણ આપણે દીકરો મા ભોમની સેવા માટે ફરજ બજાવે એનાથી વધુ ગૌરવની વાત આપણા માટે બીજી કોઈ હોઈ ન શકે.''

આ બાબતમાં અનુજ કે સસરાજી નહીં જ માને એવું લાગતા અંજુ રડી પડતી. સાડીના પાલવથી આંખો લૂછી અનુજને કહેતી, ''બીજી માની જેમ મારા પણ સપના છે, અરમાનો છે કે આપણું નાનકડું સુખી કુટુંબ હોય દીકરો-વહુ આપણા ઘડપણનો આધાર બને ને આપણે પણ દાદાજીની જેમ તેના બાળકોને રમાડીએ! પણ તમે કે તમારા પિતાજી મારી તો કોઈ વાત સાંભળવા તૈયાર જ નથી.

અંજુની લાગણીઓ જોઈને અનુજ થોડો નરમ તો પડ્યો પણ તેના પુત્ર અમીતે જ પોતાની ફોજમાં જવાની ઈચ્છા જાહેર કરી ત્યારે અંજુનું કંઈ જ ન ચાલ્યું. અમીતે જ્યારે કહ્યું કે, 'મા, હું નાનો હતો ત્યારથી જ દાદાજી મારા આદર્શ બની રહ્યા છે. એમનો દેશ પ્રેમ અને દુશ્મનને હંફાવવાનું જનૂન જોઈને મને પણ એમ લાગતું કે ભવિષ્યમાં મારે પણ આ જ રસ્તે જવું છે.' ત્યારે 'પણ બેટા..' બોલવા જતાં અંજુ રડી પડી.

'મા, આમ ઢીલી શા માટે પડે છે ? તારા આંસુ મારી નબળાઈ બને એવું મહેરબાની કરીને ન કરીશ.' પછી તો અંજુએ પણ મન ઉપર કાબૂ મેળવી દીકરાના નિર્ણયને માન્ય રાખ્યો અને અમીતને વધુ મજબૂત બનાવવા સાથ-સહકાર આપ્યો. અમીતે બધી પરીક્ષાઓ પાસ કરીને સૈન્યમાં ભરતી થઈ ગયો.

એની ટ્રેનીંગ ચાલતી હતી એ વર્ષોમાં થોડા થોડા વખતે રજા મળતી ઘરે આવેલો અમીત કામકાજ વિના કંટાળી જતો ! કંઈક મનગમતી પ્રવૃત્તિ કરવાના આશયથી એણે આંગણામાં સુંદર મજાનો બગીચો બનાવ્યો તેમાં ગુલાબ, મોગરો, ચંપો અને જુહીના છોડ રોપ્યા. તેની માવજત કરવામાં વ્યસ્ત રહેતો. રજાઓ પૂરી થતાં પહેલાં એણે માને કહ્યું; 'મા, કાલે મારી રજા પુરી થશે હું જાઉ પછી આ બધા છોડનું તું બરાબર જતન કરજે, હું જ્યારે ફરીથી પાછો આવું ત્યારે આ બધા છોડ નૃત્ય કરવા લાગે.'

અમીતના ગયા પછી અંજુ ખૂબજ દિલથી આ બધા છોડનું જતન કરતી. દરેક છોડ પર રંગબેરંગી ફુલો પોતાની હાજરી પુરાવતા ડોલી રહ્યા હતાં. ઝાંપો ખોલીને પ્રવેશતો અમીત આ વૈભવને જોઈ અચરજ પામ્યો ફુલોની મહેંકથી તેનું મન પ્રફુલ્લિત બની ગયું. પોતાની મા ને તે મનોમન અભિનંદન આપતો દરવાજામાં દાખલ થયો.

મા ને ભેટી પડ્યો અને મા ની મજાક કરતા બોલ્યો; 'મા, બોલ તને શું જોઈએ છે ?' મા એ ખુશ થતાં દીકરાને કહ્યું; 'મને એક સુંદર મજાની વહુ મારા બેટા માટે જોઈએ છે'

'તથાસ્તુ' અનાયાસે જ અમીતના મોંમાથી નીકળી ગયું. એ રહ્યો એ દિવસોમાં ચોરીછૂપીથી ફુલો તોડી જતી પ્રેરણાને એક દિવસ એણે પકડી પાડી. ફુલો ચોરનારી પ્રેરણા અને અમીત એક આદર્શ દંપતિ બન્યા. લગ્ન પછીના બે મહિના વીતી ગયા અને અમીતને વિદયા લેવાનો સમય આવી ગયો. બન્નેને વિદાય બહું આકરી લાગતી હતી. અમીતે પરાણે મન મક્કમ કરીને પ્રેરણાને સમજાવી. 'આમ રડે છે શા માટે ? તને એકલતા ન લાગે માટે આ ફુલોથી છવાયેલો બગીચો મુકી જાઉ છું, એ ફુલો તને સાથ આપશે.'

'ના, તમે નહીં જાવ, શા માટે મને મુકીને જીવ જોખમમાં મુકવા જાવ છો ? અમીતે છોડ પરથી સુંદર મજાનું ગુલાબ તોડીને પ્રેરણાના ચોટાલમાં ખોસ્યું અને કહ્યું, જો, આ ફુલ છોડ પર શોભે છે માટે એને તોડવું જ નહીં એવું વિચારીએ તો પણ છોડ પર રહીને તે એક દિવસ તો એ ખરી પડવાનું છે. એ એની નિયતી છે. કુદરતનો તો ક્રમ છે જે સનાતન સત્ય છે એમ જ હું ઘરે રહું કે સરહદ પર, મારી જે નિયતી હશે તે જ થશે. ફુલો ખરવાના તો છે પણ વળી પાછા એની જગ્યાએ નવા ફુલો આવશે ને ?'

'આવું બધુ શું બોલો છો ? મને નથી ગમતું' મા-બાપને અને પ્રેરણાને તો શું પોતાને ય જવું નહોતું ગમતું તો ય અમીત ગયો.

એના દરેક પત્રમાં 'હું બે મહિના પછી આવવાનો છું ત્રણ મહિના પછી, અરે, તારી ખોળો ભરવાની વિધિમાં તો હું આવવાનો જ છું તારા ઉદરમાં આપણો અંશ હશે. મા અને બીજી સ્ત્રીઓ ભલે તારો ખોળો ચોખા અને શ્રીફળથી ભરે પણ હું તો આપણા બગીચાના રંગબેરંગી મહેકતા ફુલોના બુકે બનાવી તારા ખોળામાં મુકી દઈશ એ વખતે દુનિયાની સૌથી વધુ સુંદર તું લાગતી હોઈશ તેવી કલ્પના કરું છું. પ્રેરણા અમીતના પત્રો વારંવાર વાંચ્યા કરતી.'

અંજુબેનને અનુજભાઈનો આજે હરખ નોતો માતો. દાદાજી પણ તૈયાર થઈને આમ-તેમ આટા માર્યા કરતા હતા. દરવાજે તોરણ બંધાઈ ગયા. આજે તો પ્રેરણાની સીમંત વિધિનો અવસર હતો. સ્નેહી સ્વજનો આવી ગયા. પ્રેરણાના માતા-પિતા, ભાઈ-બહેન બધાજ આવી ગયા. ન આવી શક્યો તો એકમાત્ર અમીત. બે દેશો વચ્ચે અચાનક ભયંકર યુદ્ધ ફાટી નીકળ્યું હતું. સરહદ પરથી રોજ રોજ વીર જવાનો બહાદુરીપૂર્વક દુશ્મનોનો મુકાબલો કરી રહ્યા છે, એવા સમાચાર વહેતા થયા.



ADVT

પ્રેરણાની સીમંતવિધિને દસેક દિવસ થયા પછી અચાનક ફોન આવ્યો. અનુજ એક ધબકારો ચૂકી ગયો અને દાદાજી ખામોશ થઈ ગયા. અંજુ તો ફરસ પર ફસડાઈ પડી, રાડ પડતાં બોલી, 'હું તમને કહેતી હતી, મારા દીકરાને લશ્કરમાં ન મોકલો, તમે કોઈએ મારું સાંભળ્યું નહીં.' એ કલ્પાંત કરતી રહી. એજ સમયે ધીમા પગલે પ્રેરણા સાસુ અંજુબેનનું માથું પોતાના ખોળામાં લેતા બોલી, 'મમ્મી તમે રડો નહીં, અમીત કહેતા હતા કે, ફુલ ઉગે છે જ ખરવા માટે પણ જે નવા ફુલો આવે એનું જતન કરજો. મમ્મી હવે આપણે બધાએ સાથે મળીને આપણા નવા ફુલનું જતન કરવાનું છે.' પ્રેરણા ઊભી થઈને બગીચામાં જઈને છોડોને પાણી પાવા લાગી, ત્યારે ફુલો પર એની આંખના પાણીનો પણ છંટકાવ થતો હતો.

## શ્રી પાટણ જૈન મંડળ – પ્રમુખશ્રીની નિમણૂંક

શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિની સને ૨૦૨૪-૨૫, ૨૦૨૫-૨૬ તથા ૨૦૨૬-૨૭ આગામી ત્રણ વર્ષ માટેની પ્રમુખશ્રીની નિમણૂંક અંગેની પ્રક્રિયા પૂર્ણ થતાં તા. ૧૬-૦૩-૨૦૨૪ના મળેલ વ્યવસ્થાપક સમિતિમાં નિરિક્ષકોના અહેવાલ મુજબ પ્રમુખ શ્રી તરીકે **શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)ને** બિન હરિફ પ્રમુખ તરીકે જાહેર થતાં સૌ સભાસદોએ પ્રમુખશ્રીને અભિનંદન સહ સુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. વ્યવસ્થાપક સમિતિના સિનિયર સભાસદ **શ્રી મહેન્દ્રભાઈ હિરાલાલ શાહ** અને **શ્રી પ્રફુલભાઈ કાંતિલાલ શાહના** શુભ હસ્તે પુષ્પગુચ્છ એનાયત કરી શુભેચ્છા આપી હતી, ત્યારબાદ મંડળની **''એડમિનિસ્ટ્રેશન કમિટિ''**એ પ્રમુખશ્રીને લક્ષ્મીજીની મૂર્તિસહ મોમેન્ટો આપી હૃદયપૂર્વક શુભેચ્છા આપી હતી.

પ્રમુખશ્રીએ સૌના સાથ-સહકારથી બે વર્ષ મંડળમાં સુંદર કાર્યો થયા છે તે બદલ સર્વ હોદ્દેદારો, વ્યવસ્થાપક સમિતિના સભ્યો પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.



*Patan Jain Mandal's ADMINISTRATION Committee Congratulated & Felicitated Visionary President Shri Daneshbhai for his Second Term.*


## શ્રી પંચાસરા પાર્શ્વનાથજી દેરાસર ટ્રસ્ટ-પાટણ નેહ નીતરતું નિમંત્રણ

પાટણ મુકામે શ્રી પંચાસરા પાર્શ્વનાથ જિનાલયની '૬૯'મી સાલગીરી તેમજ તે પરીસરમાં નવનિર્માણ પામેલ
શ્રી સુપાર્શ્વનાથ જિનાલયની 'પહેલી સાલગીરી નિમિત્તે બે દિવસીય મહોત્સવ'

### દિવસ-૧ જેઠ સુદ ૪, સોમવાર તા. ૧૦-૦૬-૨૦૨૪

સવારે ૧૦.૦૦ કલાકે બન્ને જિનાલયમાં દરેક
જિનબિંબના ૧૮ અભિષેક
સવારે, બપોરે, સાંજની સાધર્મિક ભક્તિ
બહારગામથી આવેલ આમંત્રિત મહેમાન માટે
**લાભાર્થી :- ભક્ત પરિવાર**
રાત્રે ૮.૦૦ કલાકે સંગીતમય ભાવના

### દિવસ-૨ જેઠ સુદ-૫, મંગળવાર તા. ૧૧-૦૬-૨૦૨૪

સવારે નવકારશી • **લાભાર્થી : ભક્ત પરિવાર**
સવારમાં ૯.૦૦ કલાકે સત્તરભેદી પૂજા અને તેમાં રાબેતા મુજબ
શ્રી મુખ્ય ધ્વજા તેમજ નવનિર્માણ પામેલ જિનાલયમાં ત્રણે શીખર
પર ધ્વજા માટેની બોલી બોલાશે બાકી ૫૧ દેરીની તથા ગુરુ
મંદિરની દેરી - ૪ ની ધ્વજા નકરાથી આપવામાં આવશે.
ધ્વજાનો સમય : લગભગ બપોરે ૧૧.૩૦ કલાક
બપોરનો જમણવાર ટોળીનો સભ્ય તથા આમંત્રિત મહેમાનો
લાભાર્થી: **શ્રીમતી જાસુદબેન મફતલાલ વાડીલાલ શાહ પરિવાર**
**(ધાયણોજવાળા) (ડંક મહેતાનો પાડો)**

આપ સર્વેને ઉપરોક્ત સાલગીરી પ્રસંગે
પધારવા આત્મીયતાભર્યુ આમંત્રણ..

**ધર્મશાળા બુકીંગ માટે સંપર્ક સૂત્ર**

શ્રી હર્નિષભાઈ શાહ : ૯૮૨૫૩૬૦૫૩૬ • શ્રી શૈલેષભાઈ શાહ : ૮૯૨૮૪૮૧૩૧૮/૯૮૨૧૦૨૩૬૯૩ • શ્રી ઈશ્વરભાઈ ઠાકોર : ૯૭૭૩૨૫૧૩૮૧

**લિ: શ્રી પંચાસર પાશ્વનાથજી જૈન શ્વે.મૂ.પૂ. સંઘ ટ્રસ્ટીગણ**

ADVT

**મેનેજરની નોકરી ખાલી છે : ધર્મશાળાનું સંપૂર્ણ કામકાજ સંભાળી શકે તેવા ૪૫ વર્ષ સુધીના યુવાન ભાઈ કોમ્પ્યુટરનું જ્ઞાન અનિવાર્ય. સંપૂર્ણ વિગતો સાથે ઉપરોક્ત નંબર ઉપર સંપર્ક સાધવો.**




## Shree Patan Jain Mandal
## Saurabh Medical Health Care
### (Goregaon)

### We Welcome Donors for the following Department

| | | | |
|---|---|---|---|
| 19. | X-ray | ... | 1.25 Cr |
| 20. | Physiotherapy | ... | 1.25 Cr |
| 21. | Dental | ... | 1.00 Cr |
| 22. | ENT | ... | 1.00 Cr |
| 23. | Pediatric | ... | 1.00 Cr |
| 24. | Dermatology | ... | 0.50 Cr |
| 25. | Homeopathy | ... | 0.50 Cr |
| 26. | Ayurvedic | ... | 0.50 Cr |

**Contact for Donation**

Shri Daneshbhai Vinodchandra Shah

Mo. 9930891985

Shri Hemantbhai Kantilal Salvi

Mo. 9820048367

| Donors Name | Details | Cost Amt. |
|---|---|---|
| | **CONFERENCE ROOM** | |
| ✳ Smt. Madhuben Vardhamanbhai Nagindas Sandesara | | 25 Lc |
| | **OPG SECTION** | |
| ✳ Smt. Pravinaben Mahendrabhai Sandesara<br>Haste: Shri Sonirbhai Mahendrabhai Sandesara | | 25 Lc |
| | **GASTROENTEROLOGY** | |
| ✳ Shri. Jatinbhai Bhagwandas Shah<br>Haste: Smt. Ninaben Jatinbhai Shah | | 25 Lc |
| | **CHEST MEDICINE** | |
| ✳ Shri. Deepakbhai Sevantilal Chimanlal Patani | | 25 Lc |
| | **GASTRITIS** | |
| ✳ Smt. Kinnariben Dipakbhai Shah | | 25 Lc |

## શ્રી પાટણ જૈન મંડળ
## સૌરભ મેડિકલ હેલ્થ કેર દાન યોજના

| Donors Name | Details | Cost Amt. |
|---|---|---|
| | **MAIN DONOR OF PROJECT** | |
| ❋ | Smt. Arunaben Babulal Chhotalal Shah | 5.25 Cr |
| | **CO. DONOR OF PROJECT** | |
| ❋ | Smt. Pannaben Kapoorchand Sonawala | 4.00 Cr |
| | **2000 Sq.Ft PROPERTY (Approx Rs. 5.50 Cr)** | |
| ❋ | Shri Ashokbhai & Shri Niranjanbhai Popatlal Shah | |
| | **CARDIOLOGY DEPARTMENT** | |
| ❋ | Smt. Vasantben Champaklal Manilal Jhaveri<br>Haste: Shri Bhupendrabhai, Shri Mukeshbhai, Shri Dhananjaybhai Champaklal Jhaveri | 2.50 Cr |
| | **PATHOLOGY DEPARTMENT** | |
| ❋ | Smt. Bhagvatiben Vinodchandra Shah (Matliwala) | 1.50 Cr |
| | **SONOGRAPHY DEPARTMENT** | |
| ❋ | Smt. Geminiben Hemantbhai Kantilal Salvi | 1.25 Cr |
| | **DIALYSIS CENTRE** | |
| ❋ | Shri Shantilal Nagindas Shah (Shubh Trust) | 1.25 Cr |
| | **GENERAL SURGERY** | |
| ❋ | Smt. Vasumatiben Sevantilal Ambalal Shah | 1.25 Cr |
| | **OPHTHALMOLOGY** | |
| ❋ | Smt. Pushpaben Hasmukhbhai Shah Parivar and<br>Smt. Shilpaben Prakashbhai Shah Parivar | 1 Cr |
| | **ORTHOPEDIC CENTRE** | |
| ❋ | Shri Nilesh Rameshchandra Chhabildas Jhaveri Parivar and<br>Shri Kalpeshbhai Rameshchandra Chhabildas Jhaveri | 50 Lc |
| | **GYNECOLOGY CENTRE** | |
| ❋ | Smt. Jyotsnaben Mahendrabhai Shah<br>Haste: Smt. Kanalben Hiteshbhai Shah, Shri Hiteshbhai Mahendrabhai Shah | 50 Lc |
| | **SADHU BHAGWANT ROOM** | |
| ❋ | Smt. Neelaben Ashokbhai Popatlal Shah | 50 Lc |
| | **SADHVIJI BHAGWANT ROOM** | |
| ❋ | Smt. Rashmikaben Niranjanbhai Popatlal Shah | 50 Lc |
| | **MAMMOGRAPHY** | |
| ❋ | Smt. Bhartiben Yashwantbhai Harilal Jhaveri | 50 Lc |
| | **GENERAL CONSULTING** | |
| ❋ | Smt. Sudhaben Dineshbhai Shantilal Shah Parivar | 50 Lc |
| | **INTERNAL MEDICINE** | |
| ❋ | Babu Panalal Poonamchand Cheritable Fund<br>Babu Jivanlal Panalal Trust<br>Babu Nanakchand Poonamchandji Trust | 50 Lc |
| | **DIABETIC** | |
| ❋ | Smt. Vimlaben Navinchandra Gabhruchand Shah | 50 Lc |
| | **DR. REPORTING ROOM** | |
| ❋ | Smt. Bhanuben Sureshchandra Himatlal Shah<br>Haste: Miteshbhai-Ajishaben, Himansubhai-Jalpaben, Jigarbhai-Reenaben | 25 Lc |
| | **WAITING AREA** | |
| ❋ | Shri Shirishbhai Mafatlal Zaveri<br>Haste: Smt. Vil asben Shirishbhai Zaveri Parivar | 25 Lc |
| | **RECEPTION ROOM** | |
| ❋ | Prince Devlopar Dharmeshbhai Ramcharan Pandit (Goregaon) | 25 Lc |

## દરેક સ્ત્રીને સમર્પિત

આ ગૃહિણીઓ પણ થોડી પાગલ હોય છે..
ધ્યાનથી આકાર આપીને રોટલીઓ ગોળ બનાવે છે,
પણ પોતાના શરીરને આકાર આપવાનું ભૂલી જાય છે.
આ ગૃહિણીઓ પણ થોડી પાગલ હોય છે.
પૂરો સમય આપીને ઘરનો ખૂણો ચમકાવે છે,
બસ વિખરાયેલી લટોને સુલજવાનો સમય નથી આપી શકતી
આ ગૃહિણીઓ પણ થોડી પાગલ હોય છે.
કોઈ બીમાર પડે તો આખું ઘર માથે લઈ લે,
પોતાનું દર્દ વણજોયું કરી બધી તકલીફો ટાળી દે છે.
આ ગૃહિણીઓ પણ થોડી પાગલ હોય છે.
લોહી પાણી એક કરી બધાના સપનાઓ સજાવે છે,
પોતાની અધૂરી ઈચ્છાઓને દિલમાં જ દફન કરી દે છે.
આ ગૃહિણીઓ પણ થોડી પાગલ હોય છે.
બધાની બલાઓ લે છે બધાની નઝર ઉતારે છે.
જરા કાંઈ ઊંચ નીચ થાય તો બધાની નઝરોથી પડી જાય છે.
આ ગૃહિણીઓ પણ થોડી પાગલ હોય છે.
એક બંધનમાં બંધાય ને કેટલાય સંબંધ સાથે લઈને ચાલે છે,
હોય કંઈપણ મુશ્કેલ પ્રેમથી બદાને રાખે છે
આ ગૃહિણીઓ પણ થોડી પાગલ હોય છે.
પિયરથી સાસરા સુધીની બધી જ જવાબદારી ઉપાડે છે,
કાલની લાડો રાણી આજની સ્ત્રી બની જાય છે.
આ ગૃહિણીઓ પણ સમય સાથે ઘડાય જાય છે.


**PATAN CO-OPERATIVE BANK LTD**
Rasik Niwas, 75, Patan Jain Mandal Marg, Marine Drive,
Mumbai - 400 020. Tel.: 2281 5290, 2281 7444, 2281 9403
Email : patanbank@yahoo.co.in / bmmarine@patanbank.com

**BOARD OF DIRECTOR**
**(For 2024 - 2029)**

| | |
|---|---|
| SHRI DINESH SHANTILAL SHAH | CHAIRMAN |
| SHRI NARESH NEMCHAND SHAH | VICE CHAIRMAN |
| SHRI PRITESH KIRITKUMAR SHAH | DIRECTOR |
| SHRI VIKRAM RASIKLAL SHAH | DIRECTOR |
| SHRI AJIT CHANDRKANT JHAVERI | DIRECTOR |
| SMT ALPA VINESH SHAH | DIRECTOR |
| SMT HEENA CHETAN SHAH | DIRECTOR |
| SHRI SAURABH C. NAGARSHETH | DIRECTOR |
| SHRI NALINKANT K. SHAH | CO-OP DIRECTOR |
| SMT BHARATI B. SHAH | CO-OP DIRECTOR |
| SHRI SANTOSH B. PENDURKAR | EMPLOYEES REPRESENTATIVE |
| SHRI NITIN B TILLU | C E O |

GOREGAON BRANCH
'Varsha', Gr. Floor, 75, Jawahar Nagar, Opp. Jain Temple, Goregaon (West), Mumbai - 400 062.
Tel. : 2875 0616 / 2875 0653
Email : patanbankgrw@yahoo.in

AAROGYA 365 Presents... Sr. Citizen Men's Health Plan (79 Tests)
Prevention is always a better option than cure
Get your Preventive Sr. Citizen Men's Health Plan Profile done today.

Pathology Profile (10)
- Haemogram(CBC)
- Erythrocyte Sedimentation Rate (ESR)
- Blood Group

Diabetic Profile (5)
- Blood Sugar Fasting - FBS
- Blood Sugar Post Prandial - PP
- Urine Sugar Fasting
- Urine Sugar Post Lunch
- Glycosylated Haemoglobin (HbA1c)

Cardiac Profile (7)
- Total Cholesterol
- Triglycerides
- HDL Cholesterol (Direct)
- VLDL Cholesterol
- LDL Cholesterol
- LDL Cholesterol /HDL Cholesterol Ratio
- Total Cholesterol /HDL Cholesterol Ratio

Cancer Marker (2)
- Carcino Embryonic Antigen (CEA)
- Free Prostate Specific Antigen(PSA)

Liver Function Profile (11)
- Total Bilirubin
- Direct Bilirubin
- Indirect Bilirubin
- AST (SGOT)
- ALT (SGPT)
- Alkaline Phospatase
- GGTP (GAMMA GT)
- Proteins Total
- Albumin
- Globin
- A/G Ratio

Renal Function Profile (27)
- Blood Urea
- Blood Urea Nitrogen (BUN)
- Creatinine
- Uric Acid
- Calcium Total
- eGFR
- Urine Routine Examination

Allergy (1)
- IGE (Allergy)

Electrolytes Profile (3)
- Sodium (NA+)
- Pottassium
- Chloride

Thyroid Profile (3)
- T3 Total
- T4 Total
- TSH Ultrasensitive

Iron Studies Profile (3)
- Iron
- Iron Binding Capacity Total - TIBC
- Saturation (%)

Vitamins Profile (2)
- 25-Hydroxy Vitamin D Total
- Vitamin B12

Special Tests (4)
- HIV 1 & 2
- HBSAG
- Anti HCV
- CRP

9500
6500

10-12 hrs fasting is required

Free Home Collection Facility Available
9031 247 365
ONLINE BOOKING
Website : www.aarogya247365.com
GOREGAON | BORIVALI | MIRA ROAD
ADVT





AHMEDABAD
A-104 Stellar, Sindhu Bhavan Road, Bodakdev,
Ahemdabad - 380054
Ph. 97007 49000

MUMBAI
Shop No. 1B, GF,
Hormuz Mansion
72, Bhulabhai Desai Marg,
Near Breach Candy Hospital,
Mumbai - 400026
Ph - 9819928299
patola_bynirmalsalvi

PATOLA
BY NIRMAL SALVI
Original GI 232 Certified Patan Patola Sarees & Dupattas, Lehangas
Single Ikat Patola, Semi Patan Patola, Accessories, Menswear and Bandhani
ADVT

## શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સૂચિત નૂતન પ્રાથમિક શાળા
## શ્રી ત્રિભોવનભાઈ ધનજીભાઈ સ્માર્ટ વિદ્યાલય

**Advance Invtiation**

# શુભારંભ - ઉદ્‌ઘાટન સમારોહ

**આગોતરુ આમંત્રણ**

### દિનાક ૦૯-૦૬-૨૦૨૪, રવિવાર

**શનિવાર, તા. ૦૮-૦૬-૨૦૨૪, સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ**
**રવિવાર, તા. ૦૯-૦૬-૨૦૨૪, સવારે ૯ થી ૧ ઉદ્‌ઘાટન સમારોહ**

**સંસ્થાના હોદ્દેદારો, દાતાશ્રીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને પટણી પરિવારોને પધારવા ભાવભર્યું નિમંત્રણ. આવવા માટેનું બુકીંગ વગેરેની તૈયારી આજેજ કરશો.**



**શિક્ષણ પ્રદાન ક્ષેત્રના આ અભિયાનમાં તમો સહભાગી બન્યા છો ? આજેજ વિચારો... આજેજ જોડાઓ...**
**પુણ્યાનુબંધી પુણ્ય કમાવો.... વર્ષો વર્ષની સ્મૃતિ માટે તમારા પરિવારની તક્તી અંકિત કરાવો....**

**૨૯ સ્કીમો માટે દાતાશ્રીઓ પ્રાપ્ત છે, બાકી રહેલી ૬ સ્કીમો માટે દાતાશ્રીઓ આવકાર્ય છે**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ◆ Science Lab | 1 | ... | 25,00,000 | ◆ Conference Room | 1 | ... | 30,00,000 |
| ◆ General Lab | 1 | ... | 25,00,000 | ◆ Multipurpose Hall | 1 | ... | 30,00,000 |
| ◆ Sidhahem Lobby | 1 | ... | 10,00,000 | ◆ Lift each | 2 | ... | 5,50,000 |

**નૂતન પ્રાથમિક સ્કુલ પ્રોજેક્ટમાં નાનાથી મોટા દરેક ભૂતપૂર્વ વિદ્યાર્થિઓ તથા પટ્ટણીઓ વિદ્યાદાન આપી જોડાઇ શકે તે હેતુથી નીચે મુજબની યોજના જાહેર કરતા હર્ષની લાગણી અનુભવીએ છીએ.**

## GOLDEN STONE
**Scheme**
**2,00,000/- (રૂા. ૨ લાખ)**
જુન ૨૪ સુધીમાં આ રકમ ભરપાઈ કરવાની રહેશે.

## SILVER STONE
**Scheme**
**1,00,000/- (રૂા. ૧ લાખ)**
જુન ૨૪ સુધીમાં આ રકમ ભરપાઈ કરવાની રહેશે.

શ્રી પાટણ જૈન મંડળ : ૮૭૭૯૧૬૧૨૦૯ ✻ પ્રમુખશ્રી, શ્રી દાનેશભાઈ વી. શાહ - ૯૯૩૦૮૯૧૯૮૫
ઉપપ્રમુખ, શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ - ૯૩૨૨૨૨૭૨૦૯ ✻ માનદમંત્રી, વિદ્યાલય શ્રી ભરતભાઈ સી. શાહ - ૯૩૨૩૧૮૯૯૪૧

# સાભાર સ્વીકાર

**નૂતન પ્રાથમિક શાળા પ્રોજેક્ટ ભેટ :**

૩,૫૦,૦૦૦/- શ્રી જશવંતભાઈ - ભૂતપૂર્વ વિદ્યાર્થી
૩,૦૦,૦૦૦/- શ્રી વલ્લભભાઈ ધનજીભાઈ પટેલ
૨,૫૦,૦૦૦/- શ્રી મિતિનભાઈ અંબાલાલ પટેલ
૨,૦૦,૦૦૦/- શ્રી બિપીનભાઈ સેવંતીલાલ શાહ (વખારનો પાડો)
૨,૦૦,૦૦૦/- શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ
 હ. હર્ષિલભાઈ જનકભાઈ શાહ (લખિયારવાડો)
૧,૦૦,૦૦૦/- શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ
 હ. શ્રીમતી બિન્દી ધ્રુવભાઈ શાહ (લખિયારવાડો)
૧,૦૦,૦૦૦/- શ્રી માણેકલાલ ગભરૂચંદ શાહ
 હ. શ્રીમતી ભગવતીબેન માણેકલાલ શાહ પરિવાર
૨૫,૦૦૦/- શ્રી પરેશભાઈ હીરાલાલ શાહ (ચોધરીની શેરી)

**સૌરભ મેડિકલ હેલ્થ કેર ભેટ :**

૭૦,૦૦,૦૦૦/- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પરિવાર (કનાસાનો પાડો)
૨૫,૦૦,૦૦૦/- શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી (સાલવી વાડો)
૨૫,૦૦,૦૦૦/- શ્રી શાંતિલાલ નગીનદાસ શાહ (શુભ ટ્રસ્ટ) (વખતજીની શેરી)

૧૫,૦૦,૦૦૦/- શ્રી શિરીષભાઈ મફતલાલ ઝવેરી
હ. શ્રીમતી વિલાસબેન એસ. ઝવેરી (કોકાનો પાડો)

**યાત્રા પ્રવાસ ભેટ :**

૫,૫૦,૦૦૦/- શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ પરિવાર (ડંક મહેતાનો પાડો)
૫,૫૦,૦૦૦/- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
૫,૫૦,૦૦૦/- શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી (સાલવી વાડો)

### પાટણ પ્રતિબિંબ ફેબ્રુઆરી માસનું ભુલ સુધાર

**મેડિકલ સહાય ફંડ :**

૨,૫૦,૦૦૦/- શ્રીમતી મંજુલાબેન એ. શાહ મેમોરીયલ ટ્રસ્ટ
હ. શ્રીમતી અંજુબેન એ. શાહ
(ભાભાનો પાડો) ફેબ્રુઆરી માસમા સુધારીને વાચવું

**શિક્ષણ સહાય ફંડ :**

૨,૫૦,૦૦૦/- શ્રીમતી મંજુલાબેન એ. શાહ મેમોરીયલ ટ્રસ્ટ
હ. શ્રીમતી કૃપાલીબેન તેજશભાઈ શાહ
(વાસુપૂજ્યની શેરી) ફેબ્રુઆરી માસમા સુધારીને વાચવું

### શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ

**શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત સિદ્ધહેમ જ્ઞાનપીઠ સમિતિના ૨૫ વર્ષ પૂર્ણ થયાની ખુશાલીમાં શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ શાહ (ચિતારાની ખડકી) તરફથી રૂા. ૧૧ લાખનું દાન આપવાની જાહેરાત કરવામાં આવી છે તે બદલ આભાર.**

**Required Job** in Jain Tirth or Trust with residential and food facilities for Jain couples. If anyone has a reference kindly message. Thanks. ADVT

**Contect : Chintan Shah 7227074527**

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિર:શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશા શ્રીમાળી | સાલવીવાડો | છોટાલાલ મણિલાલ સાલવી | ૮૭ | ભુજ | ૦૭-૦૧-૨૪ | માગસર વદ ૧૧ |
| વિશા શ્રીમાળી | માર. મહેતાનો પાડો | વર્ષાબેન સારાભાઈ શાહ | ૭૦ | ગોરેગામ | ૨૯-૦૧-૨૪ | પોષ વદ ૦૪ |
| વિશા શ્રીમાળી | અબજી મહેતાનો પાડો | ભારતીબેન મનહરલાલ સાંડેસરા | ૮૫ | બોરીવલી | ૧૯-૦૨-૨૪ | મહા સુદ ૧૦ |
| દશા ઓસવાલ | ચોધરીની શેરી | સુભાષભાઈ રસિકલાલ શાહ | ૭૪ | નાસિક | ૨૫-૦૨-૨૪ | મહા વદ ૦૧ |
| વિશા શ્રીમાળી | પોળની શેરી | ચિત્રાબેન દિનેશભાઈ શાહ | ૭૮ | ગોરેગામ | ૦૪-૦૩-૨૪ | મહા વદ ૦૮ |
| વિશા પોરવાળ | કનાસાનો પાડો | મંજુલાબેન નવીનચંદ્ર પરીખ | ૯૦ | કાંદિવલી | ૧૧-૦૩-૨૪ | ફાગણ સુદ ૦૧ |
| વિશા શ્રીમાળી | લખિયાર વાડો | જ્યોતિબેન મુકેશભાઈ શાહ | ૬૭ | મુંબઈ | ૧૨-૦૩-૨૪ | ફાગણ સુદ ૦૨ |
| દશા પોરવાળ | ચોધરીની શેરી | નવીનભાઈ બાબુલાલ શાહ | ૮૪ | ફોરજેટ હીલ | ૧૩-૦૩-૨૪ | ફાગણ સુદ ૦૪ |
| વિશા શ્રીમાળી | માર. મહેતાનો પાડો | પ્રવિણચંદ્ર ચીમનલાલ શાહ | ૮૩ | બોરીવલી | ૧૪-૦૩-૨૪ | ફાગણ સુદ ૦૫ |
| વિશા શ્રીમાળી | ઢંઢેરવાડો | રિદ્ધીબેન રચીતભાઈ શાહ | ૩૦ | તારદેવ | ૧૯-૦૩-૨૪ | ફાગણ સુદ ૧૦ |
| વિશા પોરવાળ | ઝવેરી વાડો | સરયુબેન નવીનચંદ્ર ચોકસી | ૮૨ | વિલેપાર્લા | ૧૯-૦૩-૨૪ | ફાગણ સુદ ૧૦ |
| વિશા પોરવાળ | વખતજીની શેરી | અનીલાબેન હસમુખલાલ શાહ | ૮૫ | નેપયન્સી રોડ | ૧૯-૦૩-૨૪ | ફાગણ સુદ ૧૦ |

ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

# સૌરભ મેડિકલ હેલ્થકેરની મુલાકાતે આવેલા મહાનુભાવો



શ્રી પાટણ જૈન મંડળ **યુ.એસ.એ. ખાતેના ટ્રસ્ટી શ્રી નિતીનભાઈ જયંતિલાલ શાહે** તા. ૧૩ માર્ચ ૨૦૨૪ના રોજ બપોરે ગોરેગામ ખાતે મેડિકલ સેન્ટરની મુલાકાત લીધી હતી. ત્યાંનુ કામકાજ જોઈને તેઓએ આનંદ અનુભવ્યો હતો અને હેલ્થકેરના સી.ઈ.ઓ. **આનંદ આંધે** અને **શ્રી અશોકભાઈ શાહ તથા શ્રી મિલનભાઈ શાહ** સાથે ચર્ચા-વિચારણા કરીને જાણકારી મેળવી હતી. તેઓએ શ્રી પાટણ જૈન મંડળના આ સુંદર પ્રોજેક્ટને બિરદાવ્યો હતો.



શ્રી પાટણ જૈન મંડળના ટ્રસ્ટી **શ્રી ભરતભાઈ નેમચંદ શાહ** તથા **શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહે** તા. ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ બપોરે સેન્ટરની મુલાકાત લીધી હતી. ત્યાનું કામકાજ જોઈને તેઓએ આનંદ અનુભવ્યો હતો. શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ **શ્રી દાનેશભાઈ શાહ** તથા ઉપપ્રમુખ **શ્રી હેમંતભાઈ સાલવી** તેમજ **શ્રી અશોકભાઈ શાહ** સાથે ચર્ચા-વિચારણા કરીને જાણકારી મેળવી હતી. તેઓએ શ્રી પાટણ જૈન મંડળના આ સુંદર પ્રોજેક્ટને બિરદાવ્યો હતો.

# સૌરભ મેડિકલ હેલ્થકેર

પ્રથમ ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન રવિવાર તા. ૧૦ માર્ચ, ૨૦૨૪ના રોજ સૌરભ મેડિકલ હેલ્થકેરમાં ગોઠવવામાં આવેલ હતું. તેમાં ડેન્ટલ, ડાયાબીટીસ અને આંખનું ચેકીંગ તથા ફાસ્ટીંગ / રેંડમ સુગર તથા CBC ના બ્લડ ટેસ્ટ પણ કરવામાં આવેલ હતા. ૧૦૦ પેસન્ટનો ટારગેટ રાખવામાં આવેલ તેમાંથી ૯૩ પેસન્ટે લાભ લીધો હતો. **ડેન્ટલમાં ડૉ. હિતાંસી શાહ તથા પૂજા શાહ ડાયાબીટમાં ડૉ. પ્રવીણકુમાર વિષ્ણુ તથા આંખના ચેકઅપમાં ડૉ. જીમીત ચોધરી તથા ડૉ. સંજના સી. ગાવે સેવા આપી હતી.**

આ આયોજનને સફળ બનાવવામાં **શ્રી આનંદભાઈ, શ્રી અશોકભાઈ શાહ, શ્રી મીલનભાઈ શાહ, શ્રી હાર્દિકભાઈ શાહ** તથા પુરા સ્ટાફે અથાગ મહેનત કરી હતી.













Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB ● March 2024 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## જીવન નિર્વાહ સહાય યોજના

**રૂા. ૩૧ લાખના મુખ્ય દાતા**

૧. શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)
૨. શ્રીમતી સુરેખાબેન જશવંતલાલ મણિલાલ શાહ પરિવાર (ભાભાનો પાડો)
૩. શ્રી જયંતિલાલ ચુનીલાલ શાહ તથા શ્રીમતી લીલાવતીબેન જયંતિલાલ શાહ (ઝભલાવાળા)
હ. શ્રી હર્ષદભાઈ જયંતિલાલ શાહ (ઝભલાવાળા) (ખેતરવસી - મહાદેવાજીની શેરી)

**રૂા. ૧૧ લાખના સહાયક દાતા**

૧. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)
૨. શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)
૩. શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ પરિવાર (વખતજીની શેરી)
૪. શ્રીમતી નીલાબેન અશોકભાઈ પોપટલાલ શાહ (કનાસાનો પાડો)
૫. શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ અને શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ મહાસુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો)
૬. શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
૭. શ્રીમતી સુશીલાબેન કાંતિલાલ સાલવી. હ. શ્રી શૈલેષભાઈ કાંતિલાલ સાલવી (સાલવી વાડો)
૮. શ્રીમતી રંજનબેન (બચુભાઈ) મહાસુખલાલ શાહ (વાસુપૂજ્યની શેરી)
૯. શ્રી મહેન્દ્રભાઈ દેવચંદ સાંડેસરા (કેશુશેઠનો પાડો)

SAURABH MEDICAL HEALTH CARE
SMHC
Shree Patan Jain Mandal — ESTD. 1912
MORE THAN 112 YEARS IN SOCIAL SERVICE
Managed by : Shree Patan Jain Mandal
101-201, Prem Tower-A, 8, Jawahar Nagar, Opp. Goregaon Police Station,
S.V. Road, Goregaon (West), Mumbai-400104.
Tel. : 022-31774129 • Mob. : 8369844115 • Email : smhc@patanmandal.org
Appointment Timing 9 am to 5 pm

FULL BODY HEALTH CHECK UP
ON EVERY SATURDAY
By Appointment
Timing 8 am to 2 pm
Rs. ~~9000/-~~
Rs. 4500/-
WITH BREAKFAST
Including Doctor's Consultation
NOTE : FASTING IS REQUIRED (10 TO 12 HOURS)

Printed & Published by BHARATI BHAGUBHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Arihant Printing Press, Bldg. No. 310, Saibaba Nagar, Pant Nagar, Ghatkopar (E), Mumbai-400075. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : BHARATI BHAGUBHAI SHAH**

TO,